અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ માર્ચ ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૫ | અંક : ૨૪૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### સેન્સેક્સ ૦.૧૫ ટકા ઘટીને ૭૩,૦૮૫.૯૪ પર બંધ

## સપ્તાહના પ્રથમ દિવસે સેન્સેક્સ અને નિફ્ટીનું ફ્લેટ ક્લોઝિંગ

### નિફ્ટી ૦.૦૨ ટકા ઘટીને ૨૨,૧૧૯.૩૦ પર બંધ થયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।

તીવ્ર વધઘટ વચ્ચે બજાર થોડા ઘટાડા સાથે બંધ થયું. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ ૧૧૨.૧૬ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા ઘટીને ૭૩,૦૮૫.૯૪ પર બંધ થયો. બીજી તરફ, નિફ્ટી ૫.૪૦ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકા ઘટીને ૨૨,૧૧૯.૩૦ પર બંધ થયો.મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં સારી રિકવરી જોવા મળી. મિડકેપ ઈન્ડેક્સ લગભગ ૧,૧૬૦ પોઈન્ટના વધારા સાથે બંધ થયો. નિફ્ટી બેંક લગભગ ૦.૫% ઘટીને બંધ થયો. રિયલ્ટી, મેટલ, PSE શેરોમાં ખરીદી જોવા મળી હતી જ્યારે IT, ફાર્મા, FMCG, ઓટો સૂચકાંકો વધારા સાથે બંધ થયા હતા. નિફ્ટીમાં ભારત ઈલેક્ટ્રોનિક્સ, આઈશર મોટર્સ, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, વિપ્રો અને જેએસડબ્લ્યુ સ્ટીલના શેર વધ્યા હતા. જ્યારે નિફ્ટીમાં કોલ ઈન્ડિયા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, બજાજ ફિનસર્વ, એચડીએફસી બેંક, બજાજ ઓટો સૌથી વધુ ઘટ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૦.૩ ટકા ઘટીને બંધ થયો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૬ ટકા ઘટીને બંધ થયો. મીડિયા, પીએસયુ બેંક અને ઓઈલ એન્ડ ગેસ સૂચકાંકો ૦.૫-૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા. બીજી તરફ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, આઈટી, મેટલ, રિયલ્ટી ઈન્ડેક્સ ૦.૫-૧ ટકાના વધારા સાથે બંધ થયા. શેરબજારમાં ચાલી રહેલા




ઘટાડા પાછળનું સૌથી મોટું કારણ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) દ્વારા સતત વેચાણ છે. તેમની 'ચીનમાં ખરીદી, ભારતમાં વેચાણ' વ્યૂહરચનાએ ભારતીય રોકાણકારોનું મનોબળ નબળું પાડ્યું છે. એક્સચેન્જ પર ઉપલબ્ધ માહિતી અનુસાર, શુક્રવાર, ૨૮ ફેબ્રુઆરીના રોજ, વિદેશી રોકાણકારોએ ૧૧,૬૩૯.૦૨ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. ૨૦૨૫ માં અત્યાર સુધીમાં, તેઓએ લગભગ ૧.૪ લાખ કરોડ રૂપિયાનું વેચાણ કર્યું છે. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસીસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજયકુમારે જણાવ્યું હતું કે, "ભારતીય શેરોના ઊંચા મૂલ્યાંકન અને આકર્ષક યુએસ બોન્ડ યીલ્ડને કારણે વિદેશી રોકાણકારો ભારતીય બજારમાંથી પૈસા પાછા ખેંચી રહ્યા છે. જોકે, આ આંકડા હવે ધીમે ધીમે બદલાઈ રહ્યા છે."

## ભારત ભુતાનમાં પ્રથમ રેલવે નેટવર્ક સ્થાપિત કરશે

। (એજન્સી) ભુતાન, તા.3 ।

ભારત અને ભુતાન બંને દેશોને રેલ નેટવર્કથી જોડવાની વાતો ૨૦૧૮થી થઈ રહી છે.તેને હવે સત્તાવાર રીતે મંજૂરી મળી છે. આ માટે બંને દેશોએ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જેમાં ૬ સ્ટેશન રેલવે નેટવર્કથી જોડવામાં આવશે. આ રેલવે નેટવર્કથી ચીનને ઝટકો વાગશે. ભારતીય રેલવે અસમના કોકરાઝરથી ભુતાનના ગેલેફૂ સુધી રેલવે લૌન પાથરવા જઈ રહી છે. ૬૯.૪ કિમીની પ્રસ્તાવિત રેલ લૌન માટે ભારત રૂ. ૩૫૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. આ રેલવે લાઈન કોકરાઝાર સ્ટેશનને ભુતાનના ગેલેફૂ સાથે જોડશે.



### મણિપુરના પાંચ જિલ્લાઓમાં લોકોએ ૪૨થી વધુ હથિયારો જમા કરાવ્યા

। (એજન્સી) ઇમ્ફાલ, તા.3 ।

હિંસાથી અસરગ્રસ્ત મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન અમલમાં આવ્યા પછી સ્થિતિમાં હવે સુધારો થઇ રહ્યો છે. પાંચ જિલ્લાઓમાં લોકોએ ૪૨ શસ્ત્રો જમા કરાવ્યા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ઈમ્ફાલ પશ્ચિમ અને પૂર્વ, ચુરાચાંદપુર,બિષ્ણુપુર અને તામેંગલોંગ જિલ્લાઓમાં આ હથિયારો જમા કરાવવામાં આવ્યા છે.

### સ્કૂલમાં સ્માર્ટફોન લઇ જઇ શકશે વિદ્યાર્થીઓ

## શાળામાં ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી શકાય નહીં: કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।

દિલ્હી હાઈકોર્ટે શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્માર્ટફોનના ઉપયોગને લઈને મોટો નિર્ણય સંભળાવ્યો છે. હાઈકોર્ટે કહ્યું છે કે, શાળાઓમાં સ્માર્ટફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી શકાય નહીં. શાળાઓમાં સ્માર્ટફોનનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓ અંગે કોર્ટે કહ્યું કે આ ઉપકરણ વિદ્યાર્થીઓ અને પરિવારના સભ્યો વચ્ચે સંકલન જાળવવા સહિત ઘણા હેતુઓ પૂરા કરે છે, જેનાથી બાળકોની સુરક્ષા સુનિશ્ચિત થાય છે. વિશ્વના અન્ય ઘણા દેશોની શાળાઓમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ છે. આવી સ્થિતિમાં ભારત નવા રસ્તા પર આગળ વધી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. કોર્ટે કહ્યું કે નીતિ તરીકે વિદ્યાર્થીઓને શાળાઓમાં સ્માર્ટફોન લઈ જવાથી રોકી શકાય નહીં, પરંતુ તેના ઉપયોગ પર નજર રાખી શકાય છે. વિદ્યાર્થીઓ તેમના ફોનને શાળામાં સુરક્ષિત જગ્યાએ રાખી શકે છે અને જ્યારે તેઓ ઘરે જાય છે ત્યારે તેને પરત લઈ શકે છે. વર્ગખંડમાં શિસ્ત જાળવવા માટે, વર્ગમાં ફોનના ઉપયોગ પર પ્રતિબંધ હોવો જોઈએ અને સામાન્ય વિસ્તારોમાં અને શાળાના વાહનોમાં સ્માર્ટફોન કેમેરા અને રેકોર્ડિંગના ઉપયોગ પર પ્રતિબંધ હોવો જોઈએ.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના સાસણ ગીરમાં સિંહ દર્શન કર્યા હતા અને ગીર નેશનલ પાર્કમાં જંગલ સફારી અને ફોટોગ્રાફીનો આનંદ માણ્યો હતો.




ગાંધીનગર ખાતે IITEના સાતમા પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના હસ્તે IITEના ૩,૦૧૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવ્યું હતું.

**ન્યૂઝ બ્રિફ**

## લાઈન્સ ઇન્ટરનેશનલ સ્કૂલમાં તસ્કરો ત્રાટક્યા

। (એજન્સી) ભરૂચ, તા.૩ ।

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ લાયન્સ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તસ્કરોએ ત્રાટકી રોકડા રૂપિયા ૮૦ હજારની ચોરી કરી ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. ચોરીની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં તસ્કરોને તરખાટ જોવા મળી રહ્યો છે મકાનો અને દુકાન બાદ હવે શાળામાં પણ તસ્કરો ત્રાટક્યા હતા. અંકલેશ્વર જીઆઈડીસીમાં ગાર્ડન સીટી રોડ પર આવેલ લાઈન્સ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તસ્કરો ત્રાટક્યા હતા અને ઓફિસમાં રહેલ લોખંડના કબાટમાંથી રોકડ રૂપિયા ૮૦ હજારની ચોરીના ગુનાને અંજામ આપ્યો હતો. શાળાના ક્લાર્ક ભરત સોનવણેએ ધોરણ ૧ થી ૯ના વિદ્યાર્થીઓના ફોટોશૂટ માટેના રૂપિયા ૮૦ હજાર એડમીન રૂમની તિજોરીમાં મૂક્યા હતા. જેની તસ્કરો ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

## જામનગરમાં રોગચાળો વકર્યોઃ જી.જી. હોસ્પિટલમાં દર્દીઓની ભારે ભીડ

। (એજન્સી) જામનગર, તા.૩ ।

જામનગરમાં રોગચાળો વકરી રહ્યો છે. ખાસ કરીને તાવ, શરદી અને ઉધરસ ના દર્દી ઓ ની જી.જી. હોસ્પિટલમાં ભારે ભીડ રહે છે. દૈનિક ૧૫૦થી ૨૦૦ જેટલા દર્દીઓ સારવારમાં આવી રહ્યા છે અને આશરે ૫૦ જેટલા દર્દીઓને દાખલ થયા છે. ઠંડી ગરમ એમ મિશ્રઋતુ ના કારણે જામનગરમાં વાયરલ તાવ, શરદી અને ઉધરસના કેસ વધતા બાળકોમાં વધુ અસર જોવા મળી રહી છે અને જી.જી.હોસ્પિટલના પીડીયાટ્રીક વિભાગમાં ૯ વોર્ડ છે. તેમાં દૈનિક ૧૫૦થી ૨૦૦ બાળકો તાવ, શરદી અને ઉધરસની સારવાર માટે આવતાં તેમાંથી કેટલાક બાળકોને દાખલ કરવા પડે છે. હાલ બાળકોના વોર્ડમાં બેડ ભરાઈ ગયા છે. નોર્મલ ૪ થી ૫ દિવસની સારવાર બાદ બાળક સ્વસ્થ થાય છે. તેમાં પણ મોટા ભાગના બે વર્ષથી નાની ઉંમરના બાળકોમાં વધુ અસર જોવા મળે છે.

## લાંબા સમયથી ધમધમતા સરખેજમાં હુક્કાબાર પર ફરી PCBના દરોડા

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદમાં ફરીથી હુક્કાબારનું દૂષણ શરૂ થઈ ગયું છે ત્યારે જ સરખેજ મહંમદપુરા રોડ પર ફાલ્કન મોટર્સની ગલીમાં આવેલા બ્રી રોસ્ટ કેફેમાં પીસીબીની ટીમે દરોડા પાડીને ચાલતા હુક્કાબરનો પર્દાફાશ કર્યો છે. પીસીબીની ટીમે જુદા જુદા ફ્લેવરના ૪૧ પેકેટ અને ૩૦ હુક્કા મળી આવ્યા છે. હુક્કાબારના સંચાલકો ચોક્કસ લોકોને જ એન્ટ્રી આપતા હતા. ઉલ્લેખનીય છે કે શહેરના ઘણા વિસ્તારોમાં પોલીસની રહેમનજર હેઠળ હુક્કાબાર ધમધમતા થઈ ગયા છે. જે ચિંતાનો વિષય છે. પોલીસ કમિશનરના સીધા તાબામાં કામ કરતી પીસીબીના ઈન્સ્પેક્ટરની ટીમને બાતમી મળી હતી કે સરખેજ -મહંમદપુરા રોડ ઉપર આવેલા બ્રૂ રોસ્ટ કેફેમાં સંચાલક અને મેનેજર પોતાના મળતિયા માણસો મારફતે બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક ફાયદા માટે ગેરકાયદે હુક્કાબાર ચલાવે છે.

# સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ અને દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે

। અમદાવાદ, તા.૩ ।

અમદાવાદ ડિવિઝનના મહેસાણા-પાલનપુર સેક્શન પર ઊંઝા અને કામલી સ્ટેશનો વચ્ચે સ્થિત બ્રિજ નં. ૯૨૬ ના પુનર્નિર્માણ હેતુ એન્જિનિયરિંગ કાર્યને કારણે સાબરમતી-યોગનગરી ઋષિકેશ-સાબરમતી એક્સપ્રેસ અને દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ થી ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર જશે નહીં. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ૪ માર્ચ ૨૦૨૫ ના રોજ સાબરમતી થી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૦૩૧ સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-ઊંઝા-સિદ્ધપુર-પાલનપુરના ને બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા-પાટણ-ભિલડી-પાલનપુર ના માર્ગ થી ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર નહીં જાય.

૨. ૩ માર્ચ ૨૦૨૫ ના રોજ યોગનગરી ઋષિકેશથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૦૩૨ યોગનગરી ઋષિકેશ-સાબરમતી યોગા એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ પાલનપુર-ઉંઝા-સિદ્ધપુર-મહેસાણા ના બદલે પરિવર્તિત માર્ગ વાયા પાલનપુર-ભીલડી-પાટણ-મહેસાણા ના માર્ગ થી ચાલશે તથા ઉંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર નહીં જાય.

૩. ૩ માર્ચ ૨૦૨૫ ના રોજ દૌલતપુર ચોક થી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૪૧૨ દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ પાલનપુર-ઊંઝા-સિદ્ધપુર-મહેસાણા ના બદલે પરિવર્તિત માર્ગ વાયા પાલનપુર-ભીલડી-પાટણ-મહેસાણા ના માર્ગ થી ચાલશે અને ઉંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર નહીં જાય.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરો. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## વીજ જોડાણ ન હોય છતા ખેડૂતને આવ્યું લાઈટ બિલ

। (એજન્સી) ગીર ગઢડા, તા.૩ ।

ગીર ગઢડા તાલુકાના વડવિયાળા ગામ ખાતે ખેડૂતો વીજ જોડાણ માટે અરજી કરી હતી. જો કે, આ પછી વીજ પોલ અને ટ્રાન્સફોર્મર લગાવાયું હતું. પરંતુ વીજ જોડાણ આપ્યું ન હતું. જ્યારે તેમ છતાં PGVCL દ્વારા ખેડૂતને ૫૨૦ રૂપિયાનું બિલ આપવામાં આવ્યું હતું. રાજ્યમાં PGVCLની બેદરકારીની ઘટના સામે આવી છે. જેમાં ગીર ગઢડાના વડવિયાળા ગામમાં ભીખા દોમડિયા નામના ખેડૂતે ૨૩ મે, ૨૦૨૩ના રોજ વીજ જોડાણ માટે અરજી કરી હતી. આ પછી વીજ પોલ અને ટ્રાન્સફોર્મર લગાવાયું હતું, પરંતુ હજુ સુધી વીજ જોડાણ થયું ન હતું. ખેડૂતે પોતાના ખેતરમાં બે વર્ષથી બોર બનાવ્યા હતા, પરંતુ વીજ જોડાણના અભાવે ચોમાસા સિવાય અન્ય પાક લઈ શકતા ન હતા. આ મામલે વાંધા અરજી કરતાં ખેડૂતની તરફેણાં ચુકાદો આવ્યા બાદ જિલ્લા કલેક્ટરે જોડાણ અંગે હુમક કર્યો હતો.

### તમામ આરોપીઓને કોર્ટે એક-એક લાખ રૂપિયા દંડ ફટકાર્યો

# ૨૩.૭૬૨ કિલો ચરસ સાથે ઝડપાયેલા છ આરોપીઓને ૧૨ વર્ષની કેદની સજા

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

વસ્ત્રાલમાં એસ.પી. સિંગ પાસેથી ૨૩.૭૬૨ કિલો ચરસના જથ્થા સાથે પકડાયેલા જમ્મુ-કાશ્મીરના આરોપી સહિત છને કોર્ટે ૧૨-૧૨ વર્ષની સજા ફટકારી છે. જ્યારે દરેક આરોપીને એક-એક લાખ રૂપિયા દંડ ફટકાર્યો છે. કોર્ટે આરોપીઓને ગુનેગાર ઠરાવતા નોંધ્યુ હતુ કે, ખૂનથી એક-બે વ્યકિતઓના મૃત્યુ થાય છે, જ્યારે ડ્રગ્સની લત સબબ વ્યક્તિ પોતે બરબાદ થાય છે સાથે કુટુંબને બરબાદ કરે છે. જેના લીધે સમાજ પણ બરબાદ થાય છે. ઘણા સમયથી જુદી જુદી જગ્યાએથી પકડાયેલા ડ્રગ્સ તથા માદક પદાર્થોની ક્વોન્ટિટી લક્ષ્યમાં લેતા આ પ્રકારના ગુના ખૂબ જ વધી ગયા છે. જે સમાજ માટે ચિંતાનું કારણ બનેલા છે.

આ બદીનો શિકાર સૌથી વધુ તરુણો, કિશોરો તેમજ યુવાનો બની રહ્યા છે. જેના લીધે દેશનું યુવાધન આ ડ્રગ્સની આદતથી ખૂબ જ ગંભીર અસર પામે છે.એનસીબીના અધિકારીઓને બાતમી મળી હતી કે, જમ્મુ-કાશ્મીરથી એક ટ્રકમાં ચરસનો જથ્થો ઊંઝા-મહેસાણા થઈને અમદાવાદ આવી રહ્યો છે, જેના આધારે વસ્ત્રાલ એસપી રિંગ રોડ ઉપર વોચ રાખી હતી. એનસીબીના અધિકારીઓએ ૨૦ જાન્યુઆરી ૨૦૨૧ના રાતના જમ્મુ-કાશ્મીરની પસાર થતી ટ્રકને રોકીને તપાસ કરતા ૬૦૦ સફરજનના બોક્સ મળી આવ્યા હતા. આ પછી એનસીબીના અધિકારીઓએ કંડક્ટરની સીટ અને ડ્રાઈવરની કેબિનમાં બનાવેલ રેકમાંથી કાર્ટુનના કુલ ૨૩ બોક્સ મળી આવ્યા હતા. જેમાં કુલ ૨૩ કિલો ૭૬૨ ગ્રામ ચરસનો જથ્થો હતો.

### રિક્ષા પર પોસ્ટર લગાવી નોંધાવ્યો વિરોધ

# રિક્ષાચાલકોએ એપ્લિકેશનથી ચાલતા ખાનગી ટુ-વ્હીલર સામે આંદોલન શરૂ કર્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

આજકાલ ઓનલાઈન એપ્લિકેશન દ્વારા વહીક્લ બૂક કરાવીને મુસાફરી કરવાનો ટ્રેન્ડ ઘણો વધી ગયો છે. એમાં પણ કશે પણ જવું હોય તો ટુ-વ્હીલર બૂક કરાવીને જલ્દી પહોંચી જવાય છે, એટલે ઘણા લોકો ઓનલાઈન એપ્લિકેશનથી ટુ-વ્હીલર બૂક કરાવતા હોય છે. ત્યારે હવે અમદાવાદના રિક્ષાચાલકોએ એપ્લિકેશનથી ચાલતા ખાનગી ટુ-વ્હીલરથી મુસાફરોને લઈ જવાનો વિરોધ કર્યો છે. અમદાવાદના રિક્ષાચાલકોએ આની સામે આંદોલન શરૂ કર્યું છે. ઓનલાઈન એપ્લિકેશનમાં ચાલતા ટુ-વ્હીલર સામે અમદાવાદના રિક્ષાચાલકોએ પોસ્ટર યુદ્ધ શરૂ કર્યું છે. રિક્ષાચાલકોની માંગ છે કે સફેદ નંબર પ્લેટવાળા ટુ-વ્હીલર તાત્કાલિક બંધ કરવામાં આવે. અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયન દ્વારા પોસ્ટર યુદ્ધ શરૂ કરવામાં આવ્યું છે. RTOની મિટિંગમાં યોગ્ય પ્રતિસાદ ન મળતા આજથી પોસ્ટર યુદ્ધ શરૂ કરવામાં આવ્યું છે. રિક્ષાચાલકોએ રિક્ષા ઉપર પોસ્ટર લગાવી પોતાનો વિરોધ નોંધાવ્યો છે. અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયનનું કહેવું છે કે સફેદ નંબર પ્લેટવાલા ટુ-વ્હીલર બંધ કરવા માટે છેલ્લા બે વર્ષથી સતત રજૂઆત કરાઈ રહી છે.

આવા વાહન ચાલુ રહેતા રિક્ષા ચાલકોની રોજીરોટી બચાવવા આજથી આંદોલનની શરૂઆત કરવામાં આવી છે. ચાલકોએ રિક્ષાઓ પર પોસ્ટર લગાવ્યા છે. આ પોસ્ટર પર લખવામાં આવ્યું છે કે ઓનલાઈન એપ્લિકેશન દ્વારા પેસેન્જરમાં ચાલતા ગેરકાયદેસર સફેદ નંબર પ્લેટ ટુ-વ્હીલર બંધ કરો. છેલ્લા બે વર્ષથી રિક્ષા ચાલકોની રજૂઆત તે છતાં નિરાકરણ ન આવતા આંદોલનની શરૂઆત.

### પોસ્ટ વિભાગ દ્વારા 'નારી શક્તિ સપ્તાહ' (૩-૮ માર્ચ)નું આયોજન, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે કર્યું શુભારંભ

# 'નારી શક્તિ સપ્તાહ'ના અંતર્ગત પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે મહિલા કર્મચારીઓને ઉત્તમ સેવા માટે કર્યા સન્માનિત

### સામાજિક અને આર્થિક બદલાવ લાવવામાં નારી શક્તિની મહત્વપૂર્ણ ભૂમિકા - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ




। અમદાવાદ, તા.૩ ।

નારી સર્જન, સન્માન અને શક્તિનનું અનોખુ પ્રતીક છે. નારી આજે માત્ર સશક્ત બનતી નથી, પરંતુ અન્ય લોકોને પણ સશક્ત બનાવી રહી છે. નારીને સમાજમાં તેનું યોગ્ય સ્થાન આપીને જ નવા પરિમાણોનું નિર્માણ કરી શકાય છે. નારી સશક્તિકરણ માટે ટપાલ વિભાગ દ્વારા અનેક સેવાઓ ચલાવવામાં આવી રહી છે. મહિલા સન્માન બચત પત્ર, સુકન્યા સમૃદ્ધિ યોજના, અને વિવિધ બચત યોજનાઓ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક અને ડાક જીવન વીમામાં મહિલાઓને રોકાણ માટે પ્રેરણા આપી તેમનામા આર્થિક સશક્તિકરણની પ્રેરણા આપવામાં આવી રહી છે. ઉપરોક્ત લાગણીઓ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે 'અંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ના સંદર્ભમાં શરૂ કરેલા 'નારી શક્તિ સપ્તાહ' (૩-૮ માર્ચ) ના શુભારંભના અવસરે ૩ માર્ચ, ૨૦૨૫ના રોજ વ્યક્ત કરી. આ કાર્યક્રમ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ, ખાનપુર, અમદાવાદના સભાગારમાં યોજાયો હતો. મુખ્ય મહેમાન તરીકે શ્રી યાદવે ડાક સેવાઓમાં શ્રેષ્ઠ કાર્ય કરનારી મહિલાઓને ટ્રોફી અને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કર્યા.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ભારત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓને કારણે આજે મહિલાઓ સામાજિક અને આર્થિક પરિવર્તનની નવી વાર્તાઓ રચી રહી છે. 'અહર્નિશ સેવામહે' હેઠળ, ડાક વિભાગ હવે ફક્ત લોકોને પત્રો જ પહોંચાડી રહ્યું નથી, પરંતુ સરકારની તમામ જન કલ્યાણકારી યોજનાઓ અને તેના લાભો લોકો સુધી પહોંચાડી રહ્યું છે અને આમાં મહિલાઓની મહત્વપૂર્ણ ભૂમિકા છે. નારી સશક્તિકરણ દ્વારા જ સમાજ અને રાષ્ટ્રને મજબૂત બનાવી શકાય છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે માહિતી આપી કે ગુજરાત પરિમંડલમાં, ૧૫ લાખથી વધુ દીકરીઓના સુકન્યા સમૃદ્ધિ ખાતા કાર્યરત છે, જ્યારે ૩,૫૦૦ થી વધુ ગામડાઓને સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગ્રામ બનાવવામાં આવ્યા છે. ૧.૪૦ લાખથી વધુ મહિલા સન્માન બચત પ્રમાણપત્ર ખાતા ખોલવામાં આવ્યા છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકમાં ૩૭ લાખથી વધુ ખાતા ખોલવામાં આવ્યા છે, જેમાંથી ૪૮% ખાતા મહિલાઓના છે. જો મહિલા શક્તિ આત્મનિર્ભર બનશે તો 'આત્મનિર્ભર ભારત' ની વિભાવના પણ સાકાર થશે. આવી સ્થિતિમાં, મહિલાઓનું આર્થિક સશક્તિકરણ ફક્ત આજની જરૂરિયાત નથી, પરંતુ વિકાસ અને પ્રગતિનું એક આવશ્યક તત્વ પણ છે.

**સન્માનિત થનારી મહિલાઓની યાદી**

આ પ્રસંગે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે અમદાવાદ સિટી મંડળના આઈ.આઈ.એમ. મહિલા પોસ્ટ ઓફિસના પોસ્ટમાસ્ટર કૃતિબેન મહેતા, શાહીબાગ પોસ્ટ ઓફિસના પોસ્ટમાસ્ટર હેતલબેન ભટ્ટ, બોપલ પોસ્ટ ઓફિસના પોસ્ટમાસ્ટર રૂચિબેન પરીખ, અમદાવાદ સિટી મંડળ કાર્યાલયની કાર્યાલય સહાયક પિનલબેન સોલંકી, માણેકબાગ પોસ્ટ ઓફિસના પોસ્ટમેન વર્ષાબેન ઠાકોર, મણિનગર પોસ્ટ ઓફિસ ના એમટીએસ સુરેખાબેન રાવલ, કુજડના બ્રાન્ચ પોસ્ટમાસ્ટર દિવ્યાબેન પટેલ, ગાંધીનગર મંડળના સાણંદ પોસ્ટ ઓફિસના ડાક સહાયક મહેશ્વરી ડોડિયા, ગાંધીનગર મુખ્ય પોસ્ટ ઓફિસના પોસ્ટમેન મિત્તલ પ્રજાપતિ, કલોલ મુખ્ય પોસ્ટ ઓફિસના એમટીએસ બિનલ ચૌધરી, ટ્રેન્ટ બ્રાંચ પોસ્ટમાસ્ટર કુંજલ માલામડી, કડાદરા બ્રાંચ પોસ્ટમાસ્ટર પ્રગતિબેન સાધુ, અમદાવાદ જીપીઓની ડાક સહાયક રિંકલબેન શાહ, પોસ્ટમેન ભૂમિબેન પટેલ, એમટીએસ પારુલ રાઠવા, અમદાવાદ રેલવે ડાક સેવા ના સહાયક અધિક્ષક પ્રેયલ શાહ, ડાક નિરીક્ષક નિલોફર ઘોરી, સુપરવાઈઝર એન એમ ખરાડી, સોર્ટિંગ અસિસ્ટન્ટ દેવાંગી સોલંકી, સલમા વહોરા, જીડીએસ એસ એચ રાજપૂતને તેમના ઉત્તમ કાર્ય માટે સન્માનિત કર્યા.

આ અવસરે, અમદાવાદ સિટી મંડળના પ્રવર અધિક્ષક શ્રી વિકાસ પાલ્વે, ગાંધીનગર મંડળના પ્રવર અધિક્ષક શ્રી પિયૂષ રજક, અમદાવાદ સિટી મંડળના ડિપ્ટી સુપરિન્ટેન્ડન્ટ શ્રી વી.એમ. વહોરા, ગાંધીનગર મંડળના ડેપ્ટી સુપરિન્ટેન્ડન્ટ સુશ્રી મંજૂલાબેન પટેલ, અમદાવાદ જીપીઓના ડિપ્ટી ચીફ પોસ્ટમાસ્ટર શ્રી અલ્પેશ શાહ, મેનેજર નેશનલ સોર્ટીંગ હબ શ્રી એન જી રાઠોડ, સહાયક નિર્દેશક શ્રી રિતુલ ગાંધી અને શ્રી એમ એમ શેખ, સહાયક અધિક્ષક સુશ્રી પ્રેયલબેન શાહ, શ્રી હેમંત કંતાર, શ્રી વિશાલ ચૌહાણ, ડાક નિરીક્ષક શ્રી ભાવિન પ્રજાપતિ, યોગેન્દ્ર રાઠોડ સહિત અનેક અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




ગુજરાતના સાસણ ગીરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'વર્લ્ડ વાઇલ્ડલાઇફ ડે' નિમિત્તે નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફ (NBWL) ની ૭મી બેઠકની અધ્યક્ષતા કરવામાં આવી.

### સેન્ટ્રલ બેન્ક વિરુદ્ધ એડ બ્યુરોના કેસમાં સર્વોચ્ચ અદાલતનો ચુકાદો

# નફા માટે લોન લેનારાઓ કાયદાની દ્રષ્ટિએ 'ગ્રાહક' નથી : સુપ્રીમ કોર્ટ

### આ કેસમાં સેન્ટ્રલ બેન્કે રજનીકાંત અભિનીત ફિલ્મ કોચાદૈયાના પોસ્ટ પ્રોડક્શન માટે એડ બ્યુરો એડવર્ટાઇઝિંગને રૂ.૧૦ કરોડની લોન આપી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે જો લોનધારકે નફો કમાવવા માટે લોન લીધી હોય તો તે લોનધારકને ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ 'ગ્રાહક' ગણી શકાય નહીં. રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ પંચ ((NCDRC)ના આદેશ સામે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાએ દાખલ કરેલી અરજીની સુનાવણી કરતાં સર્વોચ્ચ અદાલતે આ ચુકાદો આપ્યો હતો. આ કેસમાં સેન્ટ્રલ બેન્કે રજનીકાંત અભિનીત ફિલ્મ કોચાદૈયાના પોસ્ટ પ્રોડક્શન માટે એડ બ્યુરો એડવર્ટાઈઝિંગને રૂ.૧૦ કરોડની લોન આપી હતી. બ્યુરો ચૂકવણીમાં ડિફોલ્ટ થયા પછી બેન્કે ડેબ્ટ્સ રિકવરી ટ્રિબ્યુનલ સમક્ષ મુકદમા શરૂ કર્યો હતો અને રૂ.૩.૪૬ કરોડમાં વન-ટાઈમ સેટલમેન્ટ થયું હતું. એડ બ્યુરોએ દલીલ કરી હતી કે વન-ટાઈમ સેટલમેન્ટ મુજબ રકમ ચૂકવી હોવા છતાં બેન્કે તેને CIBIL સમક્ષ ડિફોલ્ટર જાહેર કરી હતી અને તેનાથી તેની અને બિઝનેસની પ્રતિષ્ઠાને



નુકસાન થયું હતું.આ પછી કંપનીએ NCDRCનો સંપર્ક કર્યો હતો અને બેંકની સેવામાં ખામી હોવાનો આરોપ મૂક્યો હતો. NCDRCએ એડ બ્યુરોની અરજીને ગ્રાહક ફરિયાદ તરીકે મંજૂર કરી હતી અને બેન્કે રૂ.૭૫ લાખનું વળતર ચૂકવવા અને ડિફોલ્ટર ન હોવાનું પ્રમાણપત્ર આપવાનો આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે અમે એ હકીકતથી વાકેફ છીએ કે કંપની એક વેપારી સાહસ હોવાથી તેને ગ્રાહકની વ્યાખ્યામાંથી દૂર કરી શકાય નહીં, પરંતુ આ કિસ્સામાં લોન લેવાનો મુખ્ય હેતુ નફો કમાવવાનો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ૨૦૨૫ના અંત સુધી સોનાના ભાવ ૨,૯૦૦ ડોલર પ્રતિ ઔંસ સુધી જઈ શકે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

શેરબજારમાં ભારે ઘટાડો અને પ્રોપર્ટીની સ્થિર કિંમતોને જોઈને હવે લોકો રિટર્ન માટે સોના તરફ આકર્ષાઈ રહ્યા છે. આમ તો સોનું હંમેશા રોકાણ માટે સૌથી સારું માધ્યમ રહ્યું છે, પરંતુ આવનારા સમયમાં તેની વેલ્યૂ હજુ પણ વધી શકે છે. પોતે દેશના મુખ્ય આર્થિક સલાહકાર એમ માને છે. વી અનંત નાગેશ્વરને કહ્યું કે, આવનારા વર્ષોમાં એસેટ ક્લાસના રૂપમાં સોનાની પ્રાસંગિકતા વધશે. તેમણે IGPC-IIMA વાર્ષિક સ્વર્ણ અને સ્વર્ણ બજાર સંમેલન ૨૦૨૫માં કહ્યું કે, સોનું ન માત્ર મૂલ્યના રૂપમાં, સાંસ્કૃતિક અને ધાર્મિક ઉદ્દેશ્યોના રૂપમાં, પરંતુ મહત્વના પોર્ટફોલિયો ડાયવર્સિફાઈ સિસ્ટમના રૂપમાં પણ પ્રાસંગિક બની રહેશે. તેમણે કહ્યું હતું કે, જ્યાં સુધી વિશ્વ વર્તમાન આંતરરાષ્ટ્રીય નાણાકીય બિન-સિસ્ટમમાંથી આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવસ્થા તરફ આગળ વધી શકશે નહીં ત્યાં સુધી એસેટ ક્લાસ તરીકે સોનાનું મહત્વ રહેશે. ૨ વર્ષમાં ડબલ ડિજિટ રિટર્ન- ગત ૩ મહિનામાં સોનાનું મૂલ્ય ૨૦૦ ડોલર પ્રતિ ઔંસ કે ૮ ટકાથી વધીને ૨,૮૬૦ ડોલર પ્રતિ ઔંસ થઈ ગયું છે. નાગેશ્વરને એ પણ આશા દર્શાવી કે, ભારત તેની પાસે વર્તમાન સોનાની પરિસંપત્તિઓને ઉત્પાદક રૂપથી ઉપયોગ કરવાની રીત શોધશે.

### ઓક્ટોબર-૨૦૨૩ પછી જન્મેલા લોકોના પાસપોર્ટ બર્થ સર્ટિફિકેટ વિના નહીં બને

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દેશમાં પાસપોર્ટ અંગે એક નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. ૧ ઓક્ટોબર ૨૦૨૩ પછી જન્મેલા તમામ લોકોએ હવે પાસપોર્ટ માટે અરજી કરતી વખતે જન્મ પ્રમાણપત્ર આપવું પડશે. નવા નિયમો હેઠળ ૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અથવા તે પછી જન્મેલા અરજદારો માટે જન્મ પ્રમાણપત્રને જન્મ તારીખનો એકમાત્ર માન્ય પુરાવો ગણવામાં આવશે. જ્યારે જૂના અરજદારો અન્ય દસ્તાવેજોનો વિકલ્પ પસંદ કરી શકે છે.ગેઝેટ નોટિફિકેશનમાં પ્રકાશિત પાસપોર્ટ (સુધારા) નિયમો ૨૦૨૫ મુજબ આ કટઓફ તારીખ પહેલા જન્મેલા લોકો હજુ પણ જન્મના પુરાવા તરીકે વૈકલ્પિક દસ્તાવેજો સબમિટ કરી શકે છે. જેમાં ટ્રાન્સફર સર્ટિફિકેટ, સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ, મેટ્રિક્યુલેશન સર્ટિફિકેટ, પાન કાર્ડ, સરકારી કર્મચારીઓ માટે સર્વિસ રેકોર્ડ અથવા પેન્શનઓર્ડર,ડ્રાઈવિંગલાઈસન્સ,મતદારઓળખ કાર્ડ અને LIC અથવા જાહેર કંપનીઓ દ્વારા જારી કરાયેલા પોલિસી બોન્ડનો સમાવેશ થાય છે. ભૂતકાળમાં પણ જન્મ પ્રમાણપત્ર ફરજિયાત સબમિટ કરવા માટે કટઓફ તારીખ ૨૬ જાન્યુઆરી ૧૯૮૯ નક્કી કરવામાં આવી હતી. જોકે, ૨૦૧૬માં આ તારીખ દૂર કરવામાં આવી હતી અને બધા અરજદારો તેમની પાસપોર્ટ અરજી સાથે ઉપરોક્ત કોઈપણ દસ્તાવેજો જન્મના પુરાવા તરીકે જોડી શકે તેના માટે પાસપોર્ટ નિયમોમાં સુધારો કરવામાં આવ્યો હતો.કેન્દ્ર સરકાર દ્વારા આ અઠવાડિયે પાસપોર્ટ નિયમોમાં સુધારાને અસર કરતી એક સત્તાવાર નોંધ જારી કરવામાં આવી હતી.

# ટ્રમ્પ સાથે બાખડનારા ઝેલેન્સ્કીને યુરોપ, વિશ્વના નેતાઓનું સમર્થન

### બંને પ્રેસિડન્ટ વચ્ચેના અભૂતપૂર્વ ઝઘડા પછી યુરોપિયન સાથી દેશો અને વિશ્વના બીજા દેશોના નેતાઓ ઝેલેન્સ્કીને એક્સ પર મેસેજ કરીને સમર્થન આપ્યું હતું

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૩ ।

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કી જાહેરમાં એકબીજા સામે બાખડ્યા પછી યુરોપ અને વિશ્વના બીજા ઘણા નેતાઓ યુક્રેનના વડાના સમર્થનમાં ઉતર્યા હતાં. બીજી તરફ વ્હાઈટ હાઉસે ટ્રમ્પના 'અમેરિકન ફર્સ્ટ સ્ટ્રેન્થ'ને જોરદાર સમર્થન આપ્યું હતું. બંને પ્રેસિડન્ટ વચ્ચેના અભૂતપૂર્વ ઝઘડા પછી યુરોપિયન સાથી દેશો અને વિશ્વના બીજા દેશોના નેતાઓ ઝેલેન્સ્કીને એક્સ પર મેસેજ કરીને સમર્થન આપ્યું હતું. બંને પ્રેસિડન્ટ વચ્ચેના અભૂતપૂર્વ ઝઘડા પછી યુરોપિયન સાથી દેશો અને વિશ્વના બીજા દેશોના નેતાઓ ઝેલેન્સ્કીને એક્સ પર મેસેજ કરીને સમર્થન આપ્યું હતું ઝેલેન્સ્કીએ પણ તમામ મેસેજના જવાબમાં લખ્યું હતું કે તમારા સમર્થન



બદલ આભાર. શુક્રવારે ભારતની સત્તાવાર મુલાકાતે રહેલા યુરોપિયન કમિશનના વડા ઉર્સુલા વોન ડેર લેયેને એક્સ પર લખ્યું હતું કે તમારું ગૌરવ યુક્રેનિયન લોકોની બહાદુરીનું સન્માન કરે છે. બળવાન બનો, બહાદુર બનો, નિર્ભય બનો. તમે ક્યારેય એકલા નથી. હજુ ગયા સોમવારે જ ટ્રમ્પ સાથે બેઠક કરનારા ફ્રાન્સ પ્રેસિડન્ટ ઈમેન્યુઅલ મેક્રોન જણાવ્યું હતું કે રશિયા આક્રમણ કરનાર દેશ છે અને યુક્રેન તેનો ભોગ બન્યું છે. ત્રણ વર્ષ પહેલા યુક્રેનને મદદ કરવાનો અને રશિયા પર પ્રતિબંધ મૂકવાનો અમારો નિર્ણય સાચો હતો અને આવા પગલાં ચાલુ રહેશે. ટ્રમ્પના ગાઢ સાથીદાર ગણાવતા ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની જણાવ્યું હતું કે તેઓ મુત્સદ્દીગીરીને પાટા પર લાવવા માટે EU-US સમિટ માટે બોલાવશે. જર્મનીના સંભવિત ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે X પર ઝેલેન્સ્કીને સંબોધીને લખ્યું હતું કે અમે કસોટીના સમયમાં યુક્રેનની સાથે ઊભા છીએ.કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું હતું કે રશિયાએ ગેરકાયદેસર અને ગેરવાજબી રીતે યુક્રેન પર આક્રમણ કર્યું હતું.

### ટેસ્લાના માલિક એલોન મસ્ક ૧૪મા બાળકના પિતા બન્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ ।

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્ક ૧૪મા બાળકના પિતા બની ગયા છે. મસ્કની કંપની ન્યુરાલિંકની એક્ઝિક્યુટિવ શિવોન જિલિસ ૧૪મા બાળકની માતા છે. આ બાળકનું નામ સેલ્ડન લાઈકર્ગસ રાખવામાં આવ્યું છે. શિવોન જિલિસે શુક્રવારે બાળકના જન્મની માહિતી એક્સ પર આપી છે. શિવોન જિલિસે લખ્યું કે, એલોન સાથે વાતચીત કર્યા પછી અમે અનુભવ્યું કે અમારા અદ્ભૂત અને અવિશ્વસનિય પુત્ર અંગેની જાણકારી શેયર કરવી શ્રેષ્ઠ રહેશે. જોકે, તેમણે એ નથી જણાવ્યું કે પુત્રનો જન્મ ક્યારે થયો છે. આ સાથે શિવોને લખ્યું કે, એ એક શક્તિશાળી યોદ્ધાની જેમ મજબૂત છે, અને તેનું હૃદય સોના જેવા નિર્મળ છે. અમે તેને ખૂબ પ્રેમ કરીએ છીએ. શિવોન અને મસ્કને પહેલાથી જ ત્રણ બાળક છે. ઉલ્લેખનીય છે કે એલોન મસ્કે તાજેતરના દિવસોમાં વિશ્વમાં ઘટી રહેલા જન્મદર પર ચિંતા વ્યક્ત કરી હતી અને આ બાબતને માનવ સંસ્કૃતિ માટે સૌથી મોટો ખતરો ગણાવી હતી. હવે મસ્ક ૧૪મા બાળકના પિતા બન્યા છે, તેની પાછળ આ દર્શન કારણભૂત માનવામાં આવે છે.

### કેન્દ્રીય પ્રધાન રક્ષા ખડસેની દીકરીની છેડતીનો એક આરોપી હિસ્ટ્રી શીટર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

મહારાષ્ટ્રમાં આજથી વિધાનસભાના બજેટ સત્રની શરૂઆત થઈ રહી છે ત્યારે મુખ્ય પ્રધાન અને ગૃહ પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને મહાયુતિ સરકારને ઘેરવા વિપક્ષને એક મુદ્દો મળી ગયો છે. ભાજપના જ કેન્દ્રમાં રાજ્યકક્ષાના પ્રધાન રક્ષા ખડસેની દીકરીની શિવરાત્રીના મેળા દરમિયાન થયેલી છેડતીનો મુદ્દો આજથી વિધાનસભામાં ગાજશે અને આ સાથે રાજ્યમાં મહિલા સુરક્ષાનો મુદ્દો પણ એટલો જ ચર્ચામાં આવશે. રક્ષા ખડસેની દીકરી અને તેની બહેનપણીઓ જળગાંવના કોથળી ખાતે શિવરાત્રીના મેળમાં ગયા હતા. અહીં લગભગ ચાર-પાંચ છોકરાઓએ તેમની છેડતી કરી અને તેની સાથેના પોલીસ ગાર્ડને પણ પરેશાન કરી તેનો વીડિયો બનાવ્યો હતો. આ ઘટનાના પડઘા સમગ્ર દેશમાં પડ્યા છે. મહિલા પ્રધાનની જ દીકરી અસુરક્ષિત હોય તો સામાન્ય યુવતીની સુરક્ષાનુ શું તેવો સવાલ ખુદ રક્ષા ખડસેએ કર્યો છે. એક સમયે ભાજપના ખૂબ જ દિગ્ગજ ગણાતા અને હાલ એનસીપીના નેતા એવા એકનાથ ખડસેની પુત્રવધુ રક્ષા ખડસેએ આ મામલે પોલીસની કામગીરી સામે પણ નારાજગી વ્યક્ત કરી હતી.

### 'બધાં એને જ પ્રેમ કરતા હતા'

## ૧૩ વર્ષના ભાઈએ ૬ વર્ષની માસૂમ બહેનની હત્યા કરી નાખી

। (એજન્સી) પાલઘર, તા.૩ ।

મહારાષ્ટ્રના પાલઘરથી માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. અહીં એક ૧૩ વર્ષના સગીરની હત્યાના આરોપમાં અટકાયત કરવામાં આવી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના દાવા અનુસાર, સગીરે એક સીરિયલ કિલર સાથે જોડાયેલી હિન્દી ફિલ્મ જોયા બાદ ૬ વર્ષની માસૂમ બાળકીની હત્યા કરી છે. પેલ્હાર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે, બાળકીનો મૃતદેહ સવારે આશરે સાડા ચાર વાગ્યે શ્રીરામ નગર પહાડીથી મળ્યો ત્યારથી હડકંપ મચી ગયો હતો. પેલ્હાર પોલીસ સ્ટેશનના વરિષ્ઠ નિરીક્ષક જીતેન્દ્ર વાનકુટે જણાવ્યું કે, 'સમગ્ર મામલે અમે નાલાસોપારાના એક ૧૩ વર્ષના સગીરની અટકાયત કરી છે. આ મૃતક બાળકીનો પિતરાઈ ભાઈ છે. તેણે કથિત રૂપે ઈર્ષાના કારણે



બાળકીની હત્યા કરી દીધી હતી. કારણ કે, તેને લાગતુ હતુ કે, પરિવારમાં બધાં આ બાળકીને જ વધારે પ્રેમ કરે છે.'આ વિશે વધુ વાત કરતાં તેમણે જણાવ્યું કે, 'બાળકી શનિવારથી ગુમ હતી. ત્યારબાદ તેના પરિવારજનોએ પોલીસનો સંપર્ક કર્યો હતો. પાસેની એક કંપનીની સીસીટીવી ફૂટેજમાં સગીર બાળકીને ક્યાંક લઈ જતો જોવા મળ્યો હતો. પહેલાં તો આ સગીરે પોલીસને ભરમાવાનો પ્રયાસ કર્યો પરંતુ, બાદમાં તેણે હકીકત કબૂલ કરી લીધી હતી.'

### પાર્ટીના સભ્ય પર શંકા

## હરિયાણા કોંગ્રેસ કાર્યકર્તા હિમાની નરવાલ હત્યામાં એક આરોપીની ધરપકડ

### હિમાની નરવાલ હત્યા કેસમાં આ પહેલી ધરપકડ છે, પોલીસે આ કેસમાં મોટો ખુલાસો કરવાનો દાવો પણ કર્યો છે

। (એજન્સી) રોહતક, તા.૩ ।

હરિયાણાના રોહતકમાં કોંગ્રેસની યુવા મહિલા કાર્યકર્તા હિમાની નરવાલ હત્યા કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે, હાલમાં આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીની દિલ્હીથી ધરપકડ કરવામાં આવી હતી.હિમાની નરવાલ હત્યા કેસમાં આ પહેલી ધરપકડ છે.

પોલીસે આ કેસમાં મોટો ખુલાસો કરવાનો દાવો પણ કર્યો છે. હત્યા કરવાના કારણો અંગે હજુ સુધી કોઈ ખુલાસો થયો નથી.હિમાની નરવાલની હત્યા બાદ મૃતદેહને સુટકેસમાં ભરીને ફેંકી દેવામાં આવ્યો હતો. ૧ માર્ચ શનિવારની સવારે વારે હરિયાણાના રોહતકના સાંપલા શહેરના બસ સ્ટેન્ડ પાસે એમ મોટી બ્લુ કલરની સૂટકેસ પડેલી જોવા મળતા સ્થાનિકોને શંકા ગઈ હતી.

જાણ કરવામાં આવ્યા બાદ પોલીસ અધિકારીઓ તાત્કાલિક પહોંચી ગયા, સૂટકેસ ખોલતા યુવતીનો મૃતદેહ મળ્યો હતો. ત્યાર બાદ મૃતકની ઓળખ કોંગ્રેસ કાર્યકર્તા હિમાની નરવાલ તરીકે થઈ હતી.હિમાની નરવાલ ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલ ગાંધી જોવા મળી હતી, હિમાની રોહતકમાં ભારત જોડો યાત્રામાં જોડાઈ હતી અને શ્રીનગર સુધી પગપાળા યાત્રા કરી હતી. હિમાનીની માતાએ કહ્યું, "ઘણા લોકોને મારી દીકરી સામે દ્વેષ હતો. લોકોને એવું હતું કે આટલી નાની ઉંમરે તે આટલી આગળ કેવી રીતે પહોંચી ગઈ."



નવી દિલ્હીમાં બેલ્જિયમની રાજકુમારી એસ્ટ્રિડ અને બેલ્જિયમના રક્ષામંત્રી થિયો ફ્રેંક્રેન સાથે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહએ મુલાકાત કરી.

### ધોરણ ૧૦ની પરીક્ષામાં ખંડ નિરીક્ષકે ગેરહાજરના સ્થાને હાજર વિદ્યાર્થીને બેસાડ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં ધોરણ-૧૦ના પેપર વખતે ખંડ નિરીક્ષકની બેદરકારી સામે આવી છે. ધોરણ-૧૦માં ગુજરાતીની પરીક્ષા વખતે બાપુનગરની એક શાળામાં ખંડ નિરીક્ષક દ્વારા ગેરહાજર વિદ્યાર્થીની જગ્યાએ હાજર વિદ્યાર્થીને બેસાડી દીધો હતો. જેના પગલે ગેરહાજર રહેલા વિદ્યાર્થીની ઉત્તરવહી અને સ્ટિકર સહિતની તમામ વિગતો ભરાઈ હતી. જોકે, આ અંગે જાણ થતાં સંચાલકને બોલાવવામાં આવ્યા હતા અને ખંડ નિરીક્ષકને સસ્પેન્ડ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સુચના અપાઈ હતી.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

**જાહેર સૂચના**

**અમદાવાદ ડિવિઝનનો LC નં. 305 (વટવા વિંઝોલ રેલવે ક્રોસિંગ)**
**તા.04-03-2025 થી તા.13-03-2025 સુધી બંધ રહેશે**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવેનો **LC નં.** 305 (કિ.મી. 486/30-32 DN M/L) (વટવા વિંઝોલ રેલવે ક્રોસિંગ) **તા. 04-03-2025 ના 8:00 કલાક થી તા.13-03-2025 ના 20:00 કલાક** સુધી **ડિપ સ્ક્રિનીંગ અને ટ્રેક જાળવણી** કામ માટે બંધ રહેશે. ઉપરોક્ત જણાવેલા કામ માટે માર્ગ વાહન વ્યવહાર 10 **(દસ) દિવસ** સુધી બંધ રાખવાની જરૂરીયાત રહેશે. આ સમયગાળા દરમિયાન વટવા રેલવે સ્ટેશનની ઉત્તર બાજુ તરફનો માર્ગ વાહન વ્યવહાર **પાંચ દિવસો** માટે કેડીલા બ્રિજ અને GIDC ROB તરફ વાળવામાં આવશે.

ADI-338

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## તંત્રી લેખ...

# અમેરિકામાં એક જ મહિનામાં ઘૂસણખોરી ૭૦ ટકા ઘટી

ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારથી અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા છે ત્યારથી ગેરકાયદે અમેરિકામાં ઘૂસણખોરી કરવાનું પ્રમાણ પણ ઘટી ગયું છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે ફેબ્રુઆરી મહિનામાં મેક્સિકો સરહદેથી ઘૂસણખોરીનું પ્રમાણ ઐતિહાસિક રીતે નીચુ રહ્યું છે. જ્યારે બીજી તરફ મારા બીજા કાર્યકાળનો પ્રથમ મહિનો પણ પુરો થયો છે. ટ્રમ્પના દાવા મુજબ તેમણે સત્તા સંભાળી તેના એક જ મહિનામાં ઘૂસણખોરી ઘટી ગઈ છે. ફેબ્રુઆરીમાં અમેરિકામાં ઘૂસણખોરી કરવાના પ્રયાસની ૮૩૨૬ ઘટનાઓ સામે આવી હતી, જેને અમેરિકન સિક્યોરિટી દ્વારા નિષ્ફળ બનાવવામાં આવી હતી. ટ્રમ્પે દાવો કર્યો હતો કે દર મહિને અમેરિકામાં જેટલા લોકો ઘૂસવાનો પ્રયાસ કરે છે તેમાં આ આઠ હજાર લોકોનો પ્રયાસ સૌથી ઓછી ઘટનાઓ છે. ટ્રૂથ સોશિયલ પર અમેરિકાના પ્રમુખે પોસ્ટ લખી હતી જેમાં તેમણે કહ્યું હતું કે ઓફિસ સંભાળ્યાના એક જ મહિનામાં અમેરિકામાં પ્રવેશવાની ઘટના સૌથી તળીયે પહોંચી ગઈ છે. બોર્ડર પેટ્રોલ (સરહદી સુરક્ષાદળ) દ્વારા ફેબ્રુઆરીમાં ૮૩૨૬ લોકોને ઘૂસણખોરી કરતા ઝડપી લેવાયા હતા. જ્યારે જો બાઈડેનના શાસનમાં અમેરિકામાં ઘૂસણખોરીનું પ્રમાણ વધી ગયું હતું. ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે જો બાઈડેનના શાસનમાં અમેરિકામાં એક મહિનામાં ઘૂસણખોરીની ત્રણ લાખ ઘટનાઓ સામે આવતી હતી, એટલુ જ નહીં આ તમામ ગેરકાયદે ઘૂસણખોરોને અમેરિકામાં ખુલ્લા છોડી દેવામાં આવતા હતા. મારા શાસનમાં તમામ ઘૂસણખોરો માટે અમેરિકાની સરહદોને સીલ કરી દેવામાં આવી છે. જે પણ વ્યક્તિ ગેરકાયદે ઘૂસવાનો પ્રયાસ કરશે તેને તાત્કાલિક દંડિત કરીને પરત તેના દેશમાં મોકલી દેવામાં આવશે. ટ્રમ્પ પ્રશાસને ગેરકાયદે રહેનારાઓના દેશનિકાલની પ્રક્રિયાને પ્રાથમિકતા આપી હતી, સત્તા સંભાળ્યા બાદ તેમણે સૌથી પહેલા ધ્યાન આવા લોકો પર આપ્યું હતું. એક તરફ ટ્રમ્પે બાઈડેન પર ઘૂસણખોરોને છુટ્ટાદોરનો આરોપ લગાવ્યો હતો જ્યારે બીજી તરફ અમેરિકી મીડિયાના આંકડા મુજબ જો બાઈડેનની સત્તાના અંતિમ સપ્તાહમાં ઘૂસણખોરીની ૨૦ હજાર ઘટના જ્યારે દરરોજ ૨૮૬૯ ઘટના સામે આવી હતી, ટ્રમ્પના શાસનમાં પ્રથમ સપ્તાહનો આંકડો ૭૨૮૯ જ્યારે દૈનિક આંકડો એક હજારનો હતો, એટલે કે આશરે ૬૦ થી ૭૦ ટકાનો ઘટાડો નોંધાયો છે.

## કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ નજફગઢ સ્થિત ગ્રામીણ આરોગ્ય તાલીમ કેન્દ્ર અને પાલમ સ્થિત આયુષ્માન આરોગ્ય મંદિરની મુલાકાત લીધી

### કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ RHTCના પ્રગતિ અહેવાલની પણ સમીક્ષા કરી અને ભારત સરકાર હેઠળ નજફગઢ, ઉજવા અને પાલમ ખાતે PHC ને જાળવી રાખવાની મંજૂરી આપી

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ નવી દિલ્હીના નજફગઢમાં આવેલ ગ્રામીણ આરોગ્ય તાલીમ કેન્દ્ર (RHTC) આરોગ્ય ક્ષેત્રે કૌશલ્ય વિકાસ સાથે પ્રાથમિક અને માધ્યમિક આરોગ્ય સંભાળ માટે એક મુખ્ય સંસ્થા તરીકે સેવા આપી રહ્યું છે. ૧૯૩૭ માં આરોગ્ય કેન્દ્ર તરીકે સ્થાપિત અને ૩ કેમ્પસ (નજફગઢ, પાલમ અને ઉજવા) માં વર્ષોથી અપગ્રેડ કરાયેલ, RHTC હવે પ્રાથમિક, માધ્યમિક, આયુષ અને કૌશલ્ય વિકાસ અને ભવિષ્યમાં તૃતીય સંભાળ માટે એક મોડેલ સંકલિત કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. નજફગઢ પ્રાથમિક સેવાઓના વિસ્તરણ સાથે આરોગ્યસંભાળ સેવાઓમાં નોંધપાત્ર પરિવર્તનનું સાક્ષી બનવા માટે તૈયાર છે, જે પહેલાથી જ શરૂ કરાયેલી ગૌણ આરોગ્યસંભાળ સેવાઓ છે. આયુષ્માન આરોગ્ય મંદિરો (AAM) NQAS દ્વારા માન્યતા પ્રાપ્ત થશે જે સરકારની ઘરઆંગણે પ્રમાણિત, ઉચ્ચ-ગુણવત્તાવાળી આરોગ્યસંભાળ સેવાઓ પહોંચાડવાની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવશે. પ્રાથમિક અને તૃતીય આરોગ્ય સંભાળ વચ્ચેના અંતરને દૂર કરવા માટે, RHTC હોસ્પિટલને ૧૮૩ પથારીવાળી જનરલ હોસ્પિટલ તરીકે વિકસાવવામાં આવી છે. તે એક અનોખી આરોગ્ય સંભાળ સુવિધા છે જે હાલમાં એક જ કેમ્પસમાં પ્રાથમિક, ગૌણ સંભાળ અને આયુષ સેવાઓ પૂરી પાડે છે. આ હોસ્પિટલ ગુણવત્તાયુક્ત તબીબી સારવાર, કટોકટી સંભાળ અને વિશિષ્ટ આરોગ્ય સંભાળ હસ્તક્ષેપો પ્રદાન કરવા માટે તૈયાર છે, જે સુનિશ્ચિત કરે છે કે રહેવાસીઓને ઘરની નજીક અદ્યતન તબીબી સુવિધાઓની ઍક્સેસ મળે. RHTC આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) હેઠળ IT-સક્ષમ આરોગ્યસંભાળ ઉકેલો અપનાવી રહ્યું છે જેથી ડિજિટલી સશક્ત આરોગ્ય સંભાળ ઈકોસિસ્ટમ બનાવી શકાય , કાર્યક્ષમતા, સુલભતા અને દર્દી-કેન્દ્રિત સંભાળમાં વધારો થાય. વધતા જતા આરોગ્યસંભાળ માળખાને ટેકો આપવા માટે, કૌશલ્ય વિકાસ અને તાલીમમાં નોંધપાત્ર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હાલની ANM સ્કૂલને વિશ્વ કક્ષાના ફ્રન્ટલાઈન હેલ્થકેર વર્કર્સ વિકસાવવા માટે અપગ્રેડ કરવામાં આવશે. ANM કોર્સ ૧૯૮૫ માં શરૂ થયો હતો જેમાં પ્રતિ બેચ ૨૦ વિદ્યાર્થીઓ હતા, છોકરીઓ માટે ડિપ્લોમા કોર્સ. ૧૯૮૫ માં છદ્રસ સ્કૂલ બિલ્ડિંગની સ્થાપના પણ કરવામાં આવી હતી. આજની તારીખે, વાર્ષિક ૪૪ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે, જેમાંથી કુલ ૮૮ વિદ્યાર્થીઓ એક સમયે હોય છે. RHTC દર વર્ષે RHTC (૪૪) અને લેડી રીડિંગ હેલ્થ સ્કૂલ (LRHS) (૪૪) માટે ઓનલાઈન સંયુક્ત પ્રવેશ પરીક્ષાનું આયોજન કરે છે, ૨૦૨૪ માં, ૬૭૨ બાળકોએ ૮૮ બેઠકો માટે અરજી કરી હતી. ANM સ્કૂલ માટે આચાર્ય અને ૮ સિસ્ટર ટ્યુટરની જગ્યા બનાવવામાં આવી રહી છે. નર્સિંગના અભ્યાસક્રમમાં ફરજિયાત ગ્રામીણ સમુદાય પોસ્ટિંગ જરૂરી છે. ગ્રામીણ સેટઅપ, સમર્પિત સમુદાય અને સબસેન્ટરો સાથે RHTC ફરજિયાત ઈન્ટર્નશિપ પ્રોગ્રામ માટે દિલ્હી નર્સિંગ કાઉન્સિલના ધોરણોને પૂર્ણ કરે છે. RHTC અને તેની વિવિધ શાખાઓમાં નર્સિંગ ઈન્ટર્ન જે અભ્યાસક્રમો માટે આવે છે તેમાં ANM, GNM, B.Sc. નર્સિંગ અને M. Sc. નર્સિંગનો સમાવેશ થાય છે. RHTC ખાતે તેના તમામ છછર અને તેના સમુદાયમાં સબસેન્ટરો દ્વારા ૨૮૨૧ વિદ્યાર્થીઓ સાથે કુલ ૧૯ કોલેજોને ઈન્ટર્નશિપ આપવામાં આવી હતી. નજફગઢના એક કેમ્પસમાં પ્રાથમિક, માધ્યમિક અને આયુષ સેવાઓનું મજબૂતીકરણ ભારત સરકારની જાહેર આરોગ્ય અને સમુદાય સુખાકારી પ્રત્યેની મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

**આજના સમાજને સમજવા જેવું ઉદાહરણ આપ્યું છે, જાણકારી કે માહિતીને જ્ઞાન નામ આપી એટલે કે ડીગ્રી ના લેબલ લાગવાથી માત્ર અહમ વધે છે**

# ધર્મ ને અધ્યાત્મને જોડતી કડી રૂપ સ્વામી રામકૃષ્ણ પરમહંસનાં પાંચ સોનેરી સૂત્રો



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સ્વામી રામકૃષ્ણ પરમહંસ જેવા ઉચ્ચ કોટિના સાધુ પુરુષ પણ સંસારમાં રહીને ઈશ્વરને પામી ગયા અને આપણે પણ એવું જીવી શકીએ એ માટે પ્રેરણા આપી, પણ ઈશ્વર તત્વને પામવાનાની વાત એકબાજુ આપણે તો દેખાદેખીના આ યુગમાં સતત તાણમાં જીવીએ છીએ! અને આ સમસ્યાના હલ રુપે ભારતને ડિપ્રેશન મુક્ત કંઈ રીતે કરી શકાય.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં ફાગણ સુદ બીજ ગઈ, અને એ દિવસે ભારતીય આધ્યાત્મિક દર્શનમાં જેનું બહુ મોટું નામ છે, એવાં રામકૃષ્ણ પરમહંસની જન્મ જયંતી હતી. સ્વામી વિવેકાનંદનાં એ ગુરુ હતા, એમની વિચાર ધારા ધર્મ અને અધ્યાત્મને જોડતી કડી રુપ કહી શકાય એવી છે, અને જે સાંપ્રત સમયમાં બહુ આવશ્યક છે, કારણકે આખરે તો દરેક મનુષ્ય જીવનનું પરમ ધ્યેય તો ઈશ્વર સાક્ષાત્કાર જ છે! પછી તે સાકાર બ્રહ્મ સ્વરૂપે હોય કે નિરાકાર બ્રહ્મ સ્વરૂપે હોય! હા જીવનમાં આધુનિકતાનું ચલણ જેટલું વધે એટલું આ ધ્યેયથી મનુષ્ય ભટકી શકે છે! તાજેતરમાં જ આ અનુભવ હું કરી ચૂકી છું. નિયમિત ચિંતન વાંચનાર આપ સૌ જાણો છો એમ હું હમણાં ફેમિલી સાથે ટાઈમ સ્પેન્ડ કરવા વિદેશ છું, અને બહુ સ્વાભાવિક રીતે જ આવાં સમયે ચિંતન થતું નથી, ભલે મેં જાતને સૂવા નથી દીધી પણ તંદ્રા તો રહી જ એ કબુલવું પડે! પણ એકધારી જીંદગીને બ્રેક જોઈએ,તેમજ પૂજ્ય બાપુ કહે છે એમ પરિવારમાં બધાનાં મન રાખવા પણ ક્યારેક આવું કરવું એ પણ એક સાધના છે. આપણે વાત કરી રહ્યા છીએ, સ્વામી વિવેકાનંદ જેવા પરમ જાગૃત પુરુષનાં ગુરુદેવ રામકૃષ્ણ પરમહંસની, આમ તો એમણે દુનિયાના તમામ ધર્મ અને ઈશ્વર પ્રાપ્તિના તંત્ર મંત્રનાં દરેક માર્ગ વિશે જાણવા એ ધર્મનો બારીકાઈથી અભ્યાસ કર્યો, અને સાકર નિરાકાર બંને સ્વરૂપને સરખું પ્રાધાન્ય આપ્યું. પોતે કે જેનું મૂળ નામ ગદાધર હતું, એ કોલકાતામાં કાલી માતાના પૂજારીની ફરજ બજાવતાં અને ભાવવિભોર બની જતા. એમના લગ્ન મા શારદામણિ સાથે થવા છતાં એ સંસારથી પર રહી શક્યા. એમના પ્રેરક વિચારો વિશે કહેવાય છે કે, પચ્ચીસસો વર્ષ પહેલાંના સોક્રેટિસ અને આપણાં આધુનિક ભારતીય રામકૃષ્ણ પરમહંસનાં વિચારોમાં સામ્યતાનું દર્શન જોવા મળે છે. આમ તો એમનાં મુખ્ય પાંચ વિચાર પર સાધક તરીકે વારી જવાનું મન થાય! ૧) પુત્ર નથી, ધન નથી, અને શરીર સ્વસ્થ નથી ના રોદણાં રડનારા, પ્રકાશ નથી, જ્ઞાન નથી ભગવાન નથી, સત્કર્મ નથીના રોદણાં રડવા બેસી જાય તો જીવન સુધરી જાય! એટલે કે ક્ષણિક સુખ પાછળ માનવી પોતાનું જીવન વેડફી નાખે છે, અને આજકાલ તો આધુનિકતાની રેસમાં દેખાદેખીમાં આ નથી ને તે નથી! સિવાય આંખને બીજું કંઈ સુઝતું જ નથી. ૨) વાંસ ભીનો હોય તો આસાનીથી વળી જાય! એ જ રીતે કાચી ઉંમરમાં એને ઈશ્વર તરફ વાળી દેવામાં આવે તો એ વળી જાય પણ ઘડપણમાં વળે નહીં. માતાપિતા શિક્ષણ જેટલો જ ભાર સંસ્કાર ઉપર મુકી અને સંતાનોને બાળપણથી જ આપણા ઉચ્ચ આદર્શ ચરિત્રો થી પરિચિત કરે!; અને સનાતની ધર્મ તરફ વાળે, પણ પરંપરાને નામે અંધશ્રદ્ધામાં જોતરે નહીં. ૩) પતંગિયા ને દીવાનો પ્રકાશ મળે પછી એ અંધારા તરફ પાછું ફરતું નથી, ભલે એને પ્રાણ ગુમાવવા પડે એમ એકવાર જેને આત્મ બોધનો પ્રકાશ પ્રાપ્ત થાય કે ઈશ્વર દર્શનની અનૂભૂતિ થાય એનું મન ત્યાં જ રહે છે, એ સંસારમાં રહેવા છતાં એનાથી પરે રહે છે. આત્મ ખોજ માટે પતંગિયા જેવી ધગશ જોઈએ ! સંસાર નો તાપ કે સંજોગોનો સંતાપ કે સંબંધની દાહ એકેયની પરવાહ કર્યા વગર જે આત્માનૂભૂતિ માટે તરસે. ૪) વાસના વગરનું મન સૂકી દિવાસળી જેવું હોય છે એ તરત સળગે છે, જ્યારે દિવાસળી ભીની થાય પછી એનાથી આગ ઉત્પન્ન થતી નથી. મન ને ભગવાન યોગેશ્વર એ પોતાની વિભૂતિ કહ્યું છે, પણ આપણે એમાં કામના ઓ ભરતાં ગયા! અને કારણે એ મલિન થયું, અને મન સાધના માટે બાધક બન્યું. ૫) નદીમાં રહેલાં પત્થર વર્ષો સુધી પાણીમાં રહેવા છતાં તોડીએ તો એ અંદરથી કોરાં જ હોય, એમ અભિમાની અને આડંબર વાળા જ્ઞાની ઓનું જ્ઞાન ફક્ત જીભ સુધી જ હોય છે અંદરથી સાવ કોરા કટ જોવા મળે છે, ભક્તિ કે ભાવની કોઈ ભીનાશ હોતી નથી. આજના સમાજને સમજવા જેવું ઉદાહરણ આપ્યું છે, જાણકારી કે માહિતી ને જ્ઞાન નામ આપી એટલે કે ડીગ્રી ના લેબલ લાગવાથી માત્ર અહમ વધે છે, અને એ અહંકાર આપણને ભાવથી ભીંજાવા દેતો નથી. સ્વામી રામકૃષ્ણ પરમહંસ જેવા ઉચ્ચ કોટિના સાધુ પુરુષ પણ સંસારમાં રહીને ઈશ્વરને પામી ગયા અને આપણે પણ એવું જીવી શકીએ એ માટે પ્રેરણા આપી. પણ ઈશ્વર તત્વને પામવાના ની વાત એકબાજુ આપણે તો દેખાદેખીના આ યુગમાં સતત તાણમાં જીવીએ છીએ! અને આ સમસ્યાના હલ રુપે ભારતને ડિપ્રેશન મુક્ત કંઈ રીતે કરી શકાય એવું વિચારીને નિત્ય ચિંતનની ધારા વહે છે, તો એનું પૃથક્કરણ કરીએ. હમણાં જ વેલેન્ટાઈન ડે ગયો,પૂર્વની સંસ્કૃતિ ને માનનારા એ વેલેન્ટાઈન આપણો તહેવાર નથી આપણા યુવાધનને ગેર માર્ગે દોરનાર છે, એમ કહ્યું હશે! જ્યારે પશ્ચિમની સંસ્કૃતિને માનનારા એ કહ્યું હશે કે પ્રેમની આગળ કોઈ સંસ્કૃતિ મહત્વની નથી, પ્રેમ પ્રેમ છે! એને કોઈ પણ ઉંમરે અને કોઈ પણ દિવસે વ્યક્ત કરી શકાય! વાત તો એકદમ સાચી જ છે, પરંતુ પ્રિય પાત્રની વ્યાખ્યા ખોટી છે. કોઈપણ વ્યક્તિ કોઈ એકને પ્રેમ કઈ રીતે કરી શકે? માતા પિતા પોતાના સંતાનને કરે, સંતાન પોતાના માતા પિતાને કરે, ભાઈ ભાઈ કરે, ભાઈ બહેન કરે, એ બધું શું છે? પ્રેમ કોઈ આપણને સમજાવે એ થોડી મૂર્ખતા નથી લાગતી? આપણી સંસ્કૃતિ તો આમ પણ પ્રેમના પાયા પર જ ઉભી છે. અંદરોઅંદરના પ્રેમપૂર્વકના સંબંધો નહોત, તો સંયુક્ત કુટુંબ ક્યાંથી નભી શકે! જ્યાં પરિવાર પણ એક થઈને રહેતા નથી, એ લોકો આ વાત સમજી શકે એવી અપેક્ષા રાખવી એ જ થોડું વધુ પડતું થાય! પરંતુ હાલના સમયમાં આપણા સમાજમાં પણ ગમે તે કારણે પરિવારોની પ્રસન્નતા,સંબંધો વચ્ચે પ્રેમ,અને શાંતિ બધું ખળભળવા લાગ્યું છે,જે ખરેખર ચિંતાનો વિષય છે. એકવાર હું બાપુની કથાનો એક લેખ લખી રહી હતી, તો મારી નાની દીકરી બાજુમાં બેઠી હતી મેં એને મારા એક લેખનો પ્રતિભાવ વંચાવ્યો, મને થયું એને પ્રાઉડ થશે, અને એને થયું પણ ખરું! અને કહ્યું કે સારી વાત છે. પછી કહ્યું મમ્મી તું આટલું બધું લખે છે, પણ શું તને લાગે છે કે લોકો એને માઈન્ડ કરશે? બહું બહું તો સારું લખ્યું છે એમ કહેશે, એનાથી વધુ શું થશે? અને વિચારીએ તો વાત પણ એકદમ સાચી હતી! એક મિનિટ હલચલ પણ મચી, પછી મેં એને કહ્યું બેટા આપણા ઘરે આગ લાગે તો તું શું કરે? પાડોશી આવીને પહેલી ડોલ પાણી નાખે, પછી જ તું નાખીશ એવું વિચારે? એ કંઈ સમજી નહિ એણે મારી સામે જોયું! પછી એણે કહ્યું ઓફ કોર્સ નોટ! હું કોઈની રાહ થોડી જોવું! મેં કહ્યું બસ તો પછી આ આખો મારો પરિવાર છે, અને એમાં જ્યારે આ રીતની હોળી લાગી હોય, ત્યારે કોઈ સમજશે? કોણ સુધરશે? કોણ માઈન્ડ કરશે? મારો સમય વ્યર્થ જાય છે? કોઈ કંઈ એવાં પ્રતિભાવ પણ આપતું નથી! એવું વિચારવા થોડું બેસાય? સદગુરુ કૃપા એ જે કંઈ લખાય એ લખીને પોસ્ટ કરું છું, કોને ખબર કેટલાય ના ઘર બળતાં અટકી ગયા હશે! કેટલાંય ના સંબંધો સુધરી ગયા હશે! અને નહીં સુધર્યા હોય તો સુધારવા વિશે વિચારશે! એટલું કાફી છે. તો નિજી સંબંધોમાં વધતી જતી ઔપચારિકતા એ પણ ડિપ્રેશનનું એક કારણ છે, અને આપણે સૌ સ્વામી રામકૃષ્ણ પરમહંસ આપેલા પાંચ સૂત્રો પકડીને જીવન સંવારી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ભગવાન શરીર જોતા નથી, ઘર જોતા નથી, ભગવાન કાળજું જુએ છે, મન મોટું હોય તો ભગવાન આવે છે**

# ભગવાન કહે છે-તમે જે ઇચ્છો તે કરો છો, પણ જે થાય છે એ હું ઇચ્છું છું તે, તમે જે હું ઇચ્છું છું તે કરો, પછી તમે જુઓ કે તમે જે ઇચ્છો છો તે જ થશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભક્તિમાર્ગ કહે છે કે, સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે, એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું. ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે, ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે, ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે, ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે, ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી, એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા.**


વાવ થરાદ બનાસકાંઠા સહિત કેટલાક વિસ્તારોમાં માવઠું થશે તેવી આગાહીના પગલે ખેડૂતોના જીવ તાળવે ચોંટયા છે મોં સુધી આવેલો કોળીયો છીનવાઈ તો નહી જાય ને?કાળઝાળ મોંઘવારીમાં બધી જાતની વેદનાથી માનવી પીડાઈ રહ્યો છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સુખ દુઃખ એ મનના ધર્મ છે. જન્મ મરણ એ શરીરના ધર્મ છે. ભૂખ અને તરસ એ પ્રાણનો ધર્મ છે. સુખદુઃખ મનને થાય એટલેઆત્મા કલ્પે છે કે, મને દુઃખ થાય છે. મનને થયેલા સુખદુઃખના આરોપ અજ્ઞાનથી આત્મા પોતાના માં કરે છે. આત્મા તો સ્ફટિક જેવો શુદ્ધ નિર્મત્ર અલ છે. તેમાં વિષયોનું પ્રતિબિંબ પડવાથી મનને લીધે આત્મા માને છે કે, મને દુઃખ થયું. સ્ફટિકમણિ પાછળ જેવા રંગનું ફૂલ રાખશો તો તેનો તેવો રંગ દેખાશે,પણ તે રંગ સ્ફટિકમણિનો નથી પણ ફૂલનો છે. જળમાં ચંદ્રમાનું પ્રતિબિંબ પડે છે, ત્યારે જળના હલનચલનને કારણે તે પ્રતિબિંબ હાલતું ચાલતું દેખાય છે અથવા કંપિત દેખાય છે પણ ચંદ્રમાને તે પ્રમાણે થતું નથી. તેમ દેહાદિના ધર્મો પોતાનામાં નહીં હોવા છતાં જીવાત્મા તે પોતાનામાં કલ્પી લે છે.બાકી જીવાત્મા નિર્લેપ છે. જીવાત્મામાં જણાતા દેહાદિના ધર્મો નિષ્કામ ભાગવત ધર્મનું અનુસરણ કરવાથી ભગવાનની કૃપાથી અને તે દ્વારા થયેલા ભગવાન પરના ભક્તિયોગથી ધીમે ધીમે દૂર થાય છે.જે ભક્તિ નિષ્ઠ થાય છે, તે સમસ્ત લોકમાં પરમાત્માને વ્યાપેલો જુએ છે. સંસારના વિષયોમાંથી સર્વ પ્રકારે હટી ગયેલું મન ઈશ્વરમાં લીન થાય છે.મન નિર્વિષ્ય બને  છે ત્યારે આનંદરૂપ થાય છે.જીવ જેવો કોઈ લુચ્ચો નથી અને ઈશ્વર જેવો કોઈ ભોળો નથી. તેજ બીજાને માટે કરવું પડે છે તો ત્રાસ થાય છે, પણ પોતાનાં સગાં માટે કરવું પડે તો આનંદ થાય છે. રાત્રે અગિયાર વાગ્યે કોઈ મહારાજ બહારગામથી આવશે તો મન કહેશે કે, આ લપ ક્યાંથી આવી? પણ જો રાત્રે બાર વાગ્યે પિયરથી કોઈ ભાઈ આવે ને કહે કે, નાસ્તો કરીને આવ્યો કેમ છું. ભૂખ નથી. તો પણ તેને શીરો-પૂરી કરી જમાડશે. આ બધો મનનો ખેલ છે. મન બહુ શરૂ લુચ્ચું છે. 'મારું અને તારું' એ મનના ઊભા કરેલા ખેલ છે. ખરેખર મન એ જ બંધન અને મોક્ષના કારણરૂપ છે. મા, જીવનાં બંધન અને મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે. મન જો વિષયોમાં આસક્ત થાય તો તે બંધનનું કારણ બને છે અને એ જ મન જો પરમાત્મામાં આસક્ત થઈ જાય તો તે મોક્ષનું કારણ બની જાય છે. ભગવાન શરીર જોતા નથી, ઘર જોતા નથી, ભગવાન કાળજું જુએ છે. મન મોટું હોય તો ભગવાન આવે છે. મનમાં રહેલી અહંતા-મમતા, પારકો-મારો જ મનને દુઃખી કરે છે અને તે મનના ધર્મો આત્મસ્વરૂપમાં ભાસે છે, તેથી આત્મા પોતાને સુખી દુઃખી માને છે. પરંતુ વાસ્તવિક આત્મા તો આનંદરૂપ છે. પાપ કરવાની કોઈને પ્રેરણા કરવી પડતી નથી, ત્યારે પુણ્ય કરવાની પ્રેરણા કરવી પડે છે. કારણ કે મન અધોગામી છે.મનુષ્યનું મન પાણી જેમ ઢાળ તરફ વહે છે જળની જેમ મન પણ અધોગામી એટલે નીચે જવાવાળા સ્વભાવનું છે. મનનો સ્વભાવ એવો છે કે ઊંચે ચડતું નથી, નીચે જાય છે.પણ આ મનને ઉપર ચડાવવાનું છે. પરમાત્માના ચરણ સુધી લઈ જવાનું છે. પાણીને યંત્રનો સંગ થાય તો પાણી ઊંચે ચડે છે. તેમ મંત્રના સંગથી મન ઊંચે ચડે છે. મનને મંત્રનો સંગ આપો. મનને મંત્રનો સંગ થાય તો અધોગતિ મન ઊર્ધ્વગામી બનશે. જેણે પોતાનું મન સુધાર્યું તે બીજાને સુધારી શકે છે. મનને સુધારવા બીજું સાધન નથી. મનને ઊલટું કરવાથી થશે નમ!નમ એટલે નમન-નમ્રતા દીનતા. નમ અને નામ મનને સુધારશે. માટે મનને સ્થિર કરવા નામ જપની આવશ્યકતા છે. જપથી મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે. માટે કોઈ મંત્રનો જાપ કરો. સંસારના વિષયોના સંગથી બગડેલું મન ઈશ્વરનું ધ્યાન કરવાથી સુધરે છે. સર્વના અંતરમાં પરમાત્મા રહેલા છે, તેમ છતાં તે સર્વનાં દુઃખ દૂર કરતા નથી તેમ અંદર બિરાજી રહેલા ચૈતન્યરૂપ પરમાત્મા મન બુદ્ધિને પ્રકાશઆપે છે. ભગવાનનું સ્વરૂપ એવું તેજો મય છેકે આપણા જેવા સાધારણ જીવો તે જોઈ શકે નહીં ભગવાનનું સગુણ સ્વરૂપ તેજો મય હોવાથી જોઈ શકાતું નથી, તેથી આપણા જેવા માટે તો ભગવાનનું નામ સ્વરૂપ,મંત્ર સ્વરૂપ ઈષ્ટ છે. ભગવાન ભલે પોતાના સ્વરૂપને છુપાવી શકે પણ નામને છુપાવી શકતા નથી. સ્વરૂપ પ્રગટ છે માટે પરમાત્માના કોઈ નામનો દઢ આશ્રય કરો.મન લૌકિક વાસનાથી બગડયું છે તે અલૌકિક વાસના જાગશે તો સુધરશે. કાંટાથી કાંટો નીકળે તેમ વાસના નો નાશ વાસનાથી જ કરવો પડે છે. લૌકિક વાસના અલૌકિક વાસનાથી જ નીકળે છે અસદ્ વાસનાનો વિનાશ સદવાસનાથી થાય છે. મારે જન્મ મરણ ફેરામાં થી મુક્ત થવું છે. મારે ગોલોક ધામ માં જવું છે. મારે આ જન્મમાં પરમાત્માનાં દર્શન કરવાં છે.આવી ભાવના રાખો તો લૌકિક વાસના માં કસાયેલું મન સુધરે છે ફિલ્મ જોવાની વાસના કાઢવી હોય તો પરીક્ષામાં પહેલે નંબરે પાસ થવાની ઈચ્છા રાખવી. એવી ઈચ્છાથી પુસ્તક સંગ લાગશે. પુસ્તક સંગથી ફિલ્મ જોવાની ઈચ્છા છૂટી જશે. વેરથી વેર નથી શમતું પણ પ્રેમથી વેર શમે છે તે આ જ પ્રમાણે. એક રાજાને ત્યાં એક બકરો હતો રાજાએ જાહેર કર્યું કે,આ બકરા ને પેટ ભરીને જંગલમાંથી કોઈ ચરાવી લાવશે તેને હું મારું અડધું રાજ્ય આપીશ.જાહેરાતસાંભળી તરત એક મનુષ્ય રાજા પાસે આવ્યો બકરાને પેટ ભરીને ચરાવવું એમાં શું મોટી વાત છે! એમ કહી રાજા પાસેથી બકરાને ચરાવવા લઈ ગયો  તેણે આખો દિવસ સારૂ સારું ઘાસ બકરાને ખવડાવ્યું પછી સાંજે તે મનુષ્ય બકરાને રાજા પાસે લાવ્યો. રાજાએ થોડું લીલું લીલું ઘાસ બકરા પાસે મૂક્યું,બકરો ઘાસ ખાવા લાગ્યો.રાજાએ પેલા મનુષ્યને કહ્યું કે,તેં ક્યાં પેટ ભરીને ખવડાવ્યું છે? પેટ ભરીને ખવડાવ્યું હોત તો તે ઘાસ ખાત જ નહીં. ઘણા માણસોએ પ્રયત્ન કરી જોયા બકરાને ખૂબ ખવડાવીને લાવે પણ બકરાને ઘાસ નાખે કે બકરો તે ખાવા જાય જ. એક સત્સંગીને લાગ્યું કે, રાજાની આ જાહેરાત પાછળ જરૂર કંઈક રહસ્ય છે.હું યુક્તિથી કામ લઈશ તે બકરાને ચરાવવા લઈ ગયો. બકરો ઘાસ ખાવા જાય કે તરત તેના મોઢા ઉપરએ લાકડીનોફટકો મારે. બકરાએ જેટલી વખત ઘાસ ખાવાનો પ્રયત્ન કર્યો તેટલી વખત લાકડીના ફટકા મોઢા ઉપર પડ્યા. અંતે બકરાને ઠસી ગયું કે, ઘાસમાં મુખ નાખીશ તો મને માર પડશે. સાંજના સત્સંગી બકરાને લઈ રાજા પાસે આવ્યો. રાજાએ બકરાને ઘાસ ખાવા નાખ્યું  પણ બકરાએ ઘાસ તરફ જોયું સુદ્ધાં નહીં. તેને બીક હતી કે ઘાસ ખાવા જઈશ તો માર પડશે. એ બકરો તે આપણું મન. બકરાને ઘાસ ચરાવવા લઈ જનારો જીવાત્મા રાજાએ પરમાત્મામનને મારો,તેના ઉપર અંકુશ રાખો. મનને વિવેકરૂપી લાકડી રોજ મારો વિકૃતીઓથી ભરેલું છે. મન માગે ત્યારે મનને વિવેકરૂપીલાકડી મારશો,તો તે વશ થશે.મનઅહંતા મમતાથી ભરેલું છે મન માગે ત્યારે મનને વિવેકૃપી લાકડી મારશો તો તે વશ થશે. રામદાસ સ્વામીએ મનને બોધ આપ્યો છે. દઢ વૈરાગ્ય. તીવ્ર ભક્તિ અને યમનિયમાદિના અભ્યાસથી ચિત્ત વશ થાય અને સ્થિર થાય છે. અને છેવટે પ્રકૃતિ ધીમે ધીમે અદ્દશ્ય થાય છે. સંસાર ઉપર વૈરાગ્ય લાવવા માટે જન્મ મૃત્યુ જરાવ્યાધિના દુઃખનોવિચાર એ જ એક ઉપાય છે. આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છેઃએક જ્ઞાનમાર્ગ અને બીજો ભક્તિમાર્ગ.જ્ઞાનમાર્ગ કહે છેકે,સર્વ છોડીને પરમાત્માપાછળ પડો.વૈરાગ્ય વગર જ્ઞાન મળતું નથી. જ્ઞાનમાર્ગમાં વૈરાગ્ય મુખ્ય છે. જ્ઞાનમાર્ગમાં બધું છોડી દેવાનું છે.જ્ઞાની બધું છોડી દે છે અને એક ભગવાનને પકડી રાખે છે. જ્ઞાનમાર્ગમાં ત્યાગ મુખ્ય છે. ભગવાન સૂતેલા છે લક્ષ્મીજી ચરણની સેવા કરે છે આને મોટો દેવ કોણ કહે?આવેલા પરીક્ષા કરવા એટલે એકદમ આવીને ભગવાનનીછાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિએ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહે છે, મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ. તમારાં ચરણને દુઃખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે?પણ માતાજીને જરા ખોટું લાગ્યું.આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી.તેથી માતાજી એ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે મોટે ભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે. જ્ઞાનીઓ માને છે કે,આ શરીર નો સંબંધ થયો એટલે દુઃખ આવ્યું એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી. પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો.સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો.સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો.સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વરને અર્પણ કરી સર્વ કર્મફળનો ત્યાગ કરો.દરેકમાં મમતા મારાપણુંએ સમર્પણ માર્ગ.અમુકમાં જ મમતા એ સ્વાર્થ માર્ગ.આજે આ બધાં સ્વાર્થ માર્ગી બન્યા છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત કેટલીક વાર અમુક વખતે ફરીથી કહેવાતી હોય પણ તેની પાછળ એક અનોખું ચિંતન મનન થાય તે હેતુ જ હોય છે આપણે કથા સાંભળવા જઈએ ત્યારે એ નથી વિચારતા કે રામાયણ શ્રીમદ્ ભગવદ્ ગીતા મેં સાંભળી વાંચી છે પણ વક્તા કથાકાર આ કથામાં કંઈક નવું ભાથું બંધાવશે બસ આ લેખ માળાના દરેક મણકા પણ આવું જ કંઈક કરે છે.અસ્તુ.

# ઇન્સ્ટાગ્રામ પર આલિયાનાં ફેન્સને નહિ જોવા મળે રાહાની તસવીરો!

વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં જ બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર તેમના જ ઘરમાં ઘૂસેલા એક ચોરે છરીથી હુમલો કર્યો હતો. આ ઘટના બાદ સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રી હચમચી ગઈ છે. આ ઘટના બાદ કરીના કપૂર પણ એલર્ટ થઈ ગઈ છે અને કરીનાએ પેપરાજીને વિનંતી કરી છે કે તેઓ તેમના પરિવારના ફોટા પાડવા માટે ઘરની



બહાર ન આવે. પણ એક મોટો ન લે અને ફોટા હવે આલિયાએ નિર્ણય લીધો છે અને તેના કારણે તેના ફેન્સ દીકરી રાહાને જોવા માટે તરસી જશે. એટલે કે આલિયા ભટ્ટે



તેની દીકરીની જેટલી પણ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ કરી હતી તે બધા ફોટા ડિલીટ કરી દીધા છે અને જે ફોટા છે તેમાં આલિયાએ દીકરીનો ચહેરો છુપાવ્યો છે. આથી હવે ફેન્સને આલિયાના સોશિયલ મીડિયા પર રાહાના ચહેરાના ફોટા જોવા મળશે નહીં. આલિયાના ચાહકો તેના નિર્ણયથી ચોંકી ગયા છે, પરંતુ કેટલાક ચાહકો સલામતીને કારણે આલિયાના આ નિર્ણયને સાથ આપી રહ્યા છે. તાજેતરમાં, નીતુ કપૂરે પાપારાઝીને રિયાના ફોટા ક્લિક ન કરવા કહ્યું હતું. તે જ સમયે, કરીના કપૂરે પણ પાપારાઝીને બાળકોના ફોટા ન લેવા વિનંતી કરી હતી. જ્યારે કપૂર પરિવારે તેમના બાળકોને મીડિયાની સામે આવવા પર કોઈ પ્રતિબંધ નહોતો મૂક્યો. પણ હવે તે બન્યું છે. રાહાના ફોટા હટાવવાથી ફેન્સમાં નારાજગી તો છે જ પણ રાહાની સુરક્ષાને કારણે તેને સમર્થન આપી રહ્યા છે.

### સોનાક્ષી સિંહાએ તાજેતરમાં એક ઇન્ટરવ્યુમાં કર્યો ખુલાસો

# કુશ અને લવ સિંહાને કાયમ સોનાક્ષીની ઈર્ષા થતી

## સોનાક્ષીએ ગયા વર્ષે ૨૩ જૂને ઝહીર ઇકબાલ સાથે લગ્ન કર્યા હતા, તેમણે સિવિલ મેરેજ કર્યા હતા

સોનાક્ષી સિંહાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેના મોટા ભાઈ કુશ અને લવ સિંહા વિશે એક ચોંકાવનારી વાત કહી છે. તેણે કહ્યું કે બાળપણમાં તેના બંને ભાઈઓ તેની ઈર્ષ્યા કરતા હતા.સોનાક્ષી સિંહા હંમેશા હેડલાઈન્સમાં રહે છે. તાજેતરમાં, અભિનેત્રીએ તેના જોડિયા ભાઈઓ લવ અને કુશ વિશે વાત કરી. સોનાક્ષીએ જણાવ્યું કે જ્યારે તે નાની હતી, ત્યારે તેના માતા-પિતા તેને ખૂબ લાડ લડાવતા હતા અને આ કારણે તેના બંને મોટા ભાઈઓ તેની ઈર્ષ્યા કરતા હતા. સોનાક્ષીએ તેના ભાઈ-બહેનો વચ્ચેના ઝઘડાઓ વિશે ખુલ્લેઆમ વાત કરી અને કહ્યું, ''હું સૌથી નાની, ઘરની છોકરી અને સૌથી પ્રિય છું, તેથી મારા ભાઈઓ મારાથી ઈર્ષ્યા કરતા હતા. તેથી મને તેનો સામનો કરવો પડતો હતો.'' સોનાક્ષીએ કહ્યું કે બધા ભાઈ-બહેનો ઝઘડે છે, અને લવ અને કુશ સાથેનો તેનો ઝઘડો પણ અલગ નહોતો, જોકે, સોનાક્ષીનો તેના ભાઈઓ સાથેનો કથિત અણબનાવ તાજેતરમાં હેડલાઈન્સમાં છે. અભિનેત્રીએ ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા હતા અને તેના ભાઈઓ તેના લગ્નમાં હાજર રહ્યા ન હતા. કુશ થોડા સમારંભોમાં જોવા મળ્યો હતો, પરંતુ લવ લગ્નને સંપૂર્ણપણે ચૂકી ગયો. સોનાક્ષીએ ગયા વર્ષે ૨૩ જૂને ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા હતા. તેમણે સિવિલ મેરેજ કર્યા હતા અને તેમના પિતા શત્રુઘ્ન સિંહા અને માતા પૂનમ સિંહા તેમના લગ્નમાં હાજર રહ્યા હતા. સોનાક્ષીનો ભાઈ લવ સિન્હા લગ્નમાં ગેરહાજર હતો. બાદમાં, લવે એક રહસ્યમય પોસ્ટ પણ શેર કરી, જેના પછી અટકળો લગાવવામાં આવી કે તેના અને સોનાક્ષી વચ્ચે બધુ બરાબર નથી. એવું અનુમાન કરવામાં આવ્યું હતું કે લવ તેની નાની બહેન સોનાક્ષીના ઝહીર સાથેના લગ્નથી ખુશ નહોતો.





# ગોવિંદા સાથે છૂટાછેડાની અટકળો વચ્ચે પત્નીની હવે પોસ્ટ થઈ વાયરલ

### એક યુઝરે કમેન્ટ કરી હતી કે 'તમારે ગોવિંદા સાથેની તસવીર શેર કરવી જોઈએ, જેથી આ બધી અફવાઓ બંધ થઈ જાય



બોલીવુડના બેસ્ટ ડાન્સર ગણાતા ગોવિંદા તેમના ડાન્સ મૂવ્સ માટે ખુબ જાણીતા છે. પરંતુ આજકાલ પોતાના અંગત જીવન બાબતે ખૂબ ચર્ચામાં છે. હાલમાં જ ગોવિંદા અને સુનીતા આહુજા વચ્ચેના સંબંધો ચર્ચામાં છે. તેમના છૂટાછેડાના સમાચારે ચાહકોને ચોંકાવી દીધા હતા. રિપોર્ટ્સ અનુસાર સુનીતા પહેલા જ ગોવિંદાને છૂટાછેડાની નોટિસ મોકલી ચૂકી છે. આવી સ્થિતિમાં, ગોવિંદાની પત્ની સુનીતાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે કહેતી જોવા મળી રહી છે કે કોઈ તેમને અલગ નહીં કરી શકે. સુનીતા આહુજાના પુત્ર યશવર્ધને તેનો જન્મદિવસ ઉજવ્યો અને જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ દરમિયાન સુનીતા આહુજાએ તેમના પુત્ર યશવર્ધનને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. આ તસવીરોમાં સુનીતા અને તેનો પુત્ર યશવર્ધન જોવા મળે છે. આમાં સુનીતા બ્લેક સૂટમાં જોવા મળી રહી છે. એક યુઝરે કમેન્ટ કરી હતી કે 'તમારે ગોવિંદા સાથેની તસવીર શેર કરવી જોઈએ, જેથી આ બધી અફવાઓ બંધ થઈ જાય.' અન્ય યુઝરે લખ્યું કે 'સિંદૂર કાઢી નાખ્યું.' અન્ય એક યુઝરે લખ્યું, 'તમે ગોવિંદાને છૂટાછેડા આપો અને હું તમારી રાહ જોઈ રહ્યો છું. જો કે કેટલાક યુઝર્સ તેના પુત્ર યશવર્ધનને અભિનંદન આપી રહ્યા છે.તમને જણાવી દઈએ કે ગોવિંદા અને સુનીતા આહુજાના લગ્ન વર્ષ ૧૯૮૭માં થયા હતા. તેમના લગ્નને ૩૮ વર્ષ થઈ ગયા છે. આ કપલને બે બાળક, એક દીકરી ટીના અને એક દીકરો યશવર્ધન છે જે હંમેશાં લાઈમલાઈટમાં રહે છે.

# સુનીલ શેટ્ટી એપ્રિલમાં નાના બની શકે તેવી શક્યતા

## પરિવારમાં હવે બધી ચર્ચાઓ પૌત્રી કે પૌત્ર પર આધારિત છે, તેમણે આથિયાના ગ્લોની પણ પ્રશંસા કરી



સુનીલ શેટ્ટી પહેલી વાર નાના બનવાની રાહ જોઈ રહ્યા છે કારણ કે તેમની પુત્રી, આથિયા શેટ્ટી, ગર્ભવતી છે અને તેઓ એપ્રિલ ૨૦૨૫માં તેમના બાળકનું સ્વાગત કરવાની તૈયારી કરી રહ્યા છે. સુનિલે જણાવ્યું કે પરિવારમાં હવે બધી ચર્ચાઓ પૌત્રી કે પૌત્ર પર આધારિત છે. તેમણે આથિયાના ગ્લોની પણ પ્રશંસા કરી.અભિનેતા સુનીલ શેટ્ટી તેમના પહેલા પૌત્રના આગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, કારણ કે તેમની પુત્રી આથિયા શેટ્ટી ગર્ભવતી છે. તેણીએ ગયા વર્ષે નવેમ્બરમાં તેના પતિ અને ક્રિકેટર કેએલ રાહુલ સાથે ગર્ભાવસ્થાની જાહેરાત કરી હતી. એક વાતચીતમાં, સુનિલે શેર કર્યું કે બંને એપ્રિલ ૨૦૨૫ માં તેમના બાળકનું સ્વાગત કરવા માટે તૈયાર છે. શેટ્ટી પરિવારના ડિનર ટેબલ પર થતી વાતચીત વિશે પૂછવામાં આવતા, સુનિલે ખુલાસો કર્યો કે હવે તેઓ ફક્ત તેમના પૌત્ર કે પૌત્રી સાથે જ ચર્ચા કરે છે. આ ખાસ તબક્કા દરમિયાન પીઢ અભિનેતાએ તેમની પુત્રીની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે તેમનું માનવું છે કે આથિયા હવે ખૂબ જ ચમકતી દેખાય છે. તેણે કહ્યું- બધું બાળકની આસપાસ ફરે છે. છોકરો હોય કે છોકરી, કંઈ ફરક પડતો નથી.સુનિલે કહ્યું, 'મને હંમેશા લાગતું હતું કે માના ગર્ભવતી હતી ત્યારે તે સૌથી સુંદર દેખાતી હતી. હું આથિયાને જોઉં છું અને તે સૌથી સુંદર લાગે છે. મોહરા અભિનેતાએ પહેલી વાર દાદા બનવાનો ઉત્સાહ પણ વ્યક્ત કર્યો. ગયા વર્ષે એપ્રિલમાં ડાન્સ દીવાનેમાં દેખાતી વખતે, તેમણે આ વિશે વાત કરી હતી. જ્યારે ભારતી સિંહે તેમને મજાકમાં પૂછ્યું કે તેઓ દાદા કેવી રીતે બનશે, ત્યારે તેમણે મજાકમાં જવાબ આપ્યો કે આગામી સીઝનમાં તેઓ સ્ટેજ પર 'નાના'ની જેમ ચાલશે.'હીરો', 'મુબારકાન' અને 'મોતીચૂર ચકનાચૂર' જેવી ફિલ્મોમાં પોતાની ભૂમિકાઓ માટે જાણીતી આથિયાએ લાંબા ગાળાના સંબંધ પછી જાન્યુઆરી ૨૦૨૩ માં ભારતીય ક્રિકેટર કેએલ રાહુલ સાથે લગ્ન કર્યા.



# ઇબ્રાહમ અલી ખાનની ફિલ્મનું ટીઝરને ચાહકોનો નબળો પ્રતિસાદ




સૈફ અલી ખાનનો પુત્ર ઈબ્રાહિમ અલી ખાન નાદાંનિયા નામની એક લવ સ્ટોરીથી ફિલ્મોમાં ડેબ્યુ કરી રહ્યો છે. જોકે તેની પ્રથમ ફિલ્મ ઓટીટી રિલીઝ છે જેમાં તેણે ખુશી કપૂર સાથે જોડી જમાવી છે. હાલમાં જ ઓટીટી પ્લેટફોર્મે તેમની ફિલ્મ નાદાંનિયાનું ટીઝર રિલીઝ કર્યું હતું જે જોઈને સોશિયલ મીડિયાના યુઝર્સોએ બન્નેની અભિનય ક્ષમતાને વખોડી કાઢી છે. એટલું જ નહીં તેમણે આ ફિલ્મની સરખામણી કરણ જોહરની સ્ટૂડન્ટ ઓફ ધ ઈયરથી કરી છે. સોશિયલ મીડિયાના યુઝર્સોએ ફિલ્મ નાદાંનિયાને સ્ટૂડન્ટ ઓફ ધ ઈયરનું રીપેકેજ્ડ સમાન ગણાવ્યું છે. તો વળી ઘણાએ તેમની ડાયલોગ ડિલીવરીને પણ વખોડી કાઢી છે. ફિલ્મના ટ્રેલરમાં ઈબ્રાહિમ અલી ખાન અર્જુન મહેતા નામના યુવકનો રોલ કરી રહેલો જોવા મળે છે. જ્યારે ખુશી કપૂર પિયા જય સિંહની ભૂમિકામાં જોવા મળે છે. ફિલ્મમાં અર્જુન પિયાનું હૃદયભંગ કરે છે એ દ્રશ્ય ફિલ્મનો યુ ટર્ન હોવાનું જણાય છે. કરણ જોહરની આ ફિલ્મનું દિગ્દર્શન સુહાના ગૌતમનું છે. તેમજ તેમાં ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂર ઉપરાંત મહિમા ચૌધરી, સુનીલ શેટ્ટી, દિયા મિર્ઝા અને જુગલ હંસરાજ મહત્વના રોલમાં જોવા મળે છે.

# દીકરાની બર્થ ડે પાર્ટીમાં ગોવિંદા ગેરહાજર હતો



## હિન્દી ફિલ્મોના સુપરસ્ટાર રહી ચૂકેલા ગોવિંદાને જ્યારે પોતાની જ બંદૂકથી ગોળી લાગી હતી ત્યારથી એક અફવાએ જોર પકડ્યું લીધું હતું

હિન્દી ફિલ્મોના સુપરસ્ટાર રહી ચૂકેલા ગોવિંદાને જ્યારે પોતાની જ બંદૂકથી ગોળી લાગી હતી ત્યારથી એક અફવાએ જોર પકડ્યું હતું. પત્ની સુનીતા સાથેના તેના કડવા થઈ ગયેલા સંબંધોની અફવાઓ કે અટકળો ત્યારથી વધારે લોકજીભે ચડી હતી, તેવામાં થોડા દિવસો પહેલા જ બન્ને છૂટા પડવાના સમાચારો વહેતા થયા છે અને સુનીતાએ છુટાછેડાની નોટિસ મોકલી હોવાનું ખુદ વકીલે કહ્યું છે. જોકે આ મામલે ગોવિંદા તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. હિન્દી ફિલ્મોના સુપરસ્ટાર રહી ચૂકેલા ગોવિંદાને જ્યારે પોતાની જ બંદૂકથી ગોળી લાગી હતી ત્યારથી એક અફવાએ જોર પકડ્યું લીધું હતું અભિનેતા અને પત્ની સુનીતા ૩૭ વર્ષના લગ્નજીવન બાદ અલગ થવાની ચર્ચાએ બોલીવૂડ અને ફેન્સને ઝટકો આપ્યો છે. આ બધા વચ્ચે ગોવિંદાના પુત્ર યશવર્ધનની પાર્ટીનો વીડિયો વાયરલ થયો છે. આ પાર્ટીમાં પિતા ગોવિંદાની ગેરહાજરી ચર્ચાનો વિષય બન્યો છે.યશવર્ધનને તેનો ૨૮મો બર્થ ડે મનાવ્યો અને પાર્ટીમાં ઘણા ફિલ્મી સ્ટાર પણ હાજર હતા. જેમાં હમણા હોટસ્ટાર જ બનેલી રાશા થડાની પણ હતી, જોકે પાર્ટીમાં સુનીતા અને તેની દીકરી ટીના હતી, પરંતુ ગોવિંદા ક્યાય દેખાતો ન હતો.ગોવિંદાથી સુનીતા ઘણા સમયથી અલગ રહે છે તે મામલે સુનીતા અગાઉ સ્પષ્ટતા કરી ચૂકી છે. તેના જણાવ્યા અનુસાર ગોવિંદા રાજનીતિમા રસ લેતો થયો ત્યારથી ઘણા નેતાઓ-કાર્યકર્તાઓ તેમના ઘરે આવતા થયા. હિન્દી ફિલ્મોના સુપરસ્ટાર રહી ચૂકેલા ગોવિંદાને જ્યારે પોતાની જ બંદૂકથી ગોળી લાગી હતી ત્યારથી એક અફવાએ જોર પકડ્યું લીધું હતું આથી મા-દીકરી મુક્તપણે રહી શકે તે માટે તેમણે અલગ ફ્લેટ લીધો છે.જોકે બન્ને વચ્ચેના સંબંધો હવે છાપે ચડી ગયા છે. અગાઉ બોલીવૂડ સ્ટાર ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચનના વણસેલા સંબંધોના મીડિયા રિપોર્ટ્સ ભારે વાયરલ થયા હતા. જોકે હવે બન્ન ફરી સાથે દેખાય છે. હિન્દી ફિલ્મોના સુપરસ્ટાર રહી ચૂકેલા ગોવિંદાને જ્યારે પોતાની જ બંદૂકથી ગોળી લાગી હતી ત્યારથી એક અફવાએ જોર પકડ્યું લીધું હતું આશા રાખીએ ગોવિંદાનો સંસાર પણ આ રીતે સુખી રહે.

# સિંગર મીકા સિંહ ખુબ કિંમતી ભેટ આપવાનો શોખીન

## મીકા સિંહે તાજેતરમાં ખુલાસો કર્યો કે તેણે શાહરૂખ ખાન, અમિતાભ બચ્ચન અને ગુરદાસ માનને હીરાની વીંટી ભેટમાં આપી હતી

મીકા સિંહે તાજેતરમાં એક વાતચીત દરમિયાન ખુલાસો કર્યો કે તેણે શાહરૂખ ખાન, અમિતાભ બચ્ચન અને ગુરદાસ માનને હીરાની વીંટી ભેટમાં આપી હતી. તેમણે એ પણ ખુલાસો કર્યો કે શાહરૂખ ખાન પોતે પોતાની કાર લઈને ઋત્વિક રોશનની પાર્ટીમાં ગયો હતો જેમાં ગૌરી ખાન અને રણવીર સિંહ પણ હાજર હતા. ગાયક મીકા સિંહે અનંત અંબાણી પાસે કરોડોની કિંમતની ઘડિયાળ માંગી હતી. હવે, તેમણે દાવો કર્યો છે કે તેમણે શાહરૂખ ખાન, અમિતાભ બચ્ચન અને ગુરદાસ માનને હીરાની વીંટીઓ ભેટમાં આપી છે. મીકા સિંહે તાજેતરમાં ખુલાસો કર્યો કે તેણે શાહરૂખ ખાન, અમિતાભ બચ્ચન અને ગુરદાસ માનને હીરાની વીંટી ભેટમાં આપી હતી આ સાથે, તેણે તેની કિંમત અને ઋત્વિક રોશનની પાર્ટીમાં રણવીર સિંહ અને ગૌરી ખાન સાથે કરેલી મજા વિશે પણ જણાવ્યું છે. શું બિપાશા બાસુએ ગાયક મીકા સિંહ પર 'અવ્યાવસાયિક વર્તન'ના આરોપો બાદ તેમની ટીકા કરી હતી? અભિનેત્રી કહે છે 'ઝેરી લોકો બનાવે છે...' એક ઈન્ટરવ્યુમાં, મીકા સિંહે તે ક્ષણને યાદ કરી જ્યારે



તે શાહરૂખ ખાનને પહેલી વાર મળ્યો હતો. શાહરૂખને ''સૌથી ઉત્તમ અભિનેતા અને સૌમ્ય વ્યક્તિ'' ગણાવતા, ગાયકે કહ્યું કે જ્યારે તે અભિનેતાને મળ્યો ત્યારે તેણે સુપરસ્ટારને ૫૦ લાખ રૂપિયાની હીરાની વીંટી ભેટમાં આપી. તેમણે ખુલાસો કર્યો, 'મેં પણ આ વીંટી અમિતાભ બચ્ચનને પ્રેમથી આપી છે.' મીકા સિંહે અનંત અંબાણી પાસે કરોડોની કિંમતની ઘડિયાળ માંગી હતી મેં તે ગુરદાસ માનને આપ્યું છે. બિપાશાએ એક રહસ્યમય પોસ્ટ શેર કરી જેમાં લખ્યું હતું- ''ઝેરી લોકો અરાજકતા પેદા કરે છે, આંગળી ચીંધે છે, દોષારોપણ કરે છે અને જવાબદારી લેવાનું ટાળે છે.'' મીકા સિંહે આગળ કહ્યું, 'મને લાગ્યું કે મારે મારા જીવનમાં ૩ લોકો માટે કંઈક કરવું જોઈએ.' જોકે, કિંગ ખાને બીજા દિવસે સવારે ખૂબ જ નમ્રતાથી ફોન કરીને પોતાની લીધેલી વીંટી પાછી આપી. તેણે તેને પાછું લેવાનું કહ્યું કારણ કે તે ખૂબ મોંઘું હતું. ત્યારથી બંને એકબીજાને ઓળખે છે. તેણે એમ પણ કહ્યું કે શાહરૂખે તેની કાર મહિનાઓ સુધી પોતાની સાથે રાખી હતી, જેને તે ફિલ્મના સેટ પરથી ઘરે લઈ ગયો હતો. ગયા વર્ષે [illegible] સાથેના એક ઈન્ટરવ્યુમાં, મીકા સિંહે ખુલાસો કર્યો હતો કે, ''હું ૫૦ લોકોની ટીમને એક મહિનાના શેડ્યૂલ માટે લંડન લઈ ગયો હતો. જોકે, તે બે મહિના સુધી લંબાયો.



# થરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ત્રિસ્તરીય કાર્યક્રમ યોજાયો



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા



। (પ્રતિનિધી) થરા, તા.૩ ।

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ થરા સંચાલિત શ્રીમતી કે કે શાહ આર્ટસ અને શ્રીમતી એલ બી ગુંજારિયા કોમર્સ કોલેજ થરા તથા ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત હિન્દી સાહિત્ય અકાદમી ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ગુરુ શિષ્ય પરંપરા અને હિન્દીમાં મધ્યકાલીન હિન્દી કાવ્ય સામાજિક સમરસતા એવમ લોકરંગ એક દિવસે રાષ્ટ્રીય પરિ સંવાદ અને નવીન ગ્રંથાલયના મકાનનું ખાત મુહુર્ત એમ ત્રિસ્તરીય કાર્યક્રમ હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના કુલપતિ ડો ડો કે સી પોરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો જેનું ઉદ્ઘાટન મંડળના પ્રમુખ ધીરજ કુમાર કે. શાહે કરેલ અતિથિ વિશેષ પદે પ્રાર્થનાહોલના દાતા અજીત કુમાર ધાણધારા, જીતુભાઈ ધાણધારા ચીનુલાલ ગુંજારિયા, દિનેશભાઈ શાહ (વકીલ), યશપાલસિંહ ટી. વાઘેલા, પાલીકા કોર્પો ગિરાબેન શાહ, પી એમ. ઉષાના કો.ઓ. ડૉ.એચ.એલ. દવે તથા મહાનુભાવો ઊપસ્થિત રહયા હતા. આ પરિસંવાદના મુખ્ય વકતાઓ માં આનંદ આશ્રમ સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર ઘોઘાવદર ના ડો. નિરંજન રાજયગુરુ, ડો. અંબાદાન રોહડીયા, ડો. ભરતભાઈ સોલંકી, ડો. હેમરાજભાઈ પટેલ, ડો. અમૃતલાલ જીનગર રહયા હતા.

સ્વાગત પ્રવચન ડૉ. ડી. એસ. ચરણે જ્યારે સંચાલન ડૉ. એમ એમ જોષી, ડો. જી.કે. મુંધવા આભાર વિધિ ડૉ. પાયલ પરીખ, પ્રા. પૂજા ગામિતીએ કરેલ.

# ઝાલોદ સબ ડિવિઝનમા આવતા ૧૧૩ વીજ ગ્રાહકો પાસેથી ૨૯.૩૨ લાખની વીજ ચોરી ઝડપાઇ : વીજ ચોરી કરનાર ગ્રાહકોમા ફફડાટ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

તારીખ ૦૧-૦૩-૨૦૫ શનિવારના રોજ ઝાલોદ સબ ડિવીઝનમા આવતા સંજેલી તેમજ ઝાલોદ તાલુકાના અલગ અલગ ગામોમાં વીજ પુરવઠો વાપરતા ગ્રાહકોમા ઓચિંતી ફ્લાઈંગ ચેકિંગ કરવામાં આવી હતી. આ વીજ ચેકીંગ મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ તેમજ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની વિજિલન્સ સ્કોડ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તેમાં ઝાલોદ સબ ડિવીઝનમા આવતા સંજેલી તેમજ ઝાલોદ તાલુકાના અલગ અલગ ગામોમાં ૭૦૧ જગ્યાએ વીજ પુરવઠો વાપરતા ગ્રાહકોના ત્યાં વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. વીજ ચેકીંગ દરમ્યાન ૧૧૩ કેસ ડિટેક્શન કરવામાં આવ્યા હતા આ ગ્રાહકો પાસેથી અંદાજીત ૨૯.૩૨ લાખ રૂપિયાની વીજ ચોરી ઝડપી પાડવામાં આવેલ હતી. વીજ ચોરી કરતા અલગ અલગ રીતે પકડાયેલ ગ્રાહકોને વીજ કંપની દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી આ અંગે નોટિસ ફટકારવામાં આવેલ છે. આટલા મોટા પ્રમાણમાં વીજ ચોરી ઝડપાતા વીજ ચોરી કરનાર ગ્રાહકોમા ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

# ધોલેરા તાલુકાનો માર્ચ માસનો ‘સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ’ યોજાશે

। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

રાજ્ય સરકાર દ્વારા લોક ફરિયાદોનું સમયસર અને અસરકારક નિવારણ થાય તે માટે ‘સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ‘નું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે અમદાવાદ જિલ્લા અને તાલુકા કક્ષાએ પણ દર મહિને સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે.

જે અંતર્ગત અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકામાં માર્ચ મહિનાનો તાલુકા કક્ષાનો ‘સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ‘ આગામી તા. ૨૬ માર્ચના રોજ સવારે ૧૧ કલાકે મામલતદાર કચેરી, ધોલેરા ખાતે યોજાશે.

મામલતદારશ્રી ધોલેરાની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ધોલેરા તાલુકા કક્ષાના ‘સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ‘માં ભાગ લેવા માંગતા અરજદારો પોતાના પ્રશ્નો તા.૧૦ માર્ચ સુધીમાં મામલતદારશ્રી, ધોલેરાને મોકલી આપવા અનુરોધ છે. આ સ્વાગત કાર્યક્રમ થકી અરજદારોના પ્રશ્નોનું ત્વરિત હકારાત્મક રીતે નિવારણ કરવામાં આવશે.

# વલસાડના પારડી ઘટક-૧ આંગણવાડીના કાર્યકર ઝોનકક્ષા ની ટેક હોમ રાશન વાનગી સ્પર્ધામા તૃતીય ક્રમે વિજેતા



। (માહિતી) વલસાડ, તા.૩ ।

ભારતની પરંપરાગત ખેત પેદાશો (શ્રી અન્ન)ની ખેતી અને ટેક હોમ રાશનના ઉપયોગને પ્રોત્સાહન આપવા અનુસંધાને મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત રાજ્યના માર્ગદર્શન મુજબ વિભાગીય નિયામકશ્રીની કચેરી, સુરત ઝોન અને જિલ્લા પંચાયત, આહવા-ડાંગના સંયુક્ત ઉપક્રમે તા. ૦૧/૦૩/૨૦૨૫ ના રોજ સુરત ઝોનની વાનગી સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. આ સ્પર્ધામાં સુરત ઝોનના વલસાડ, ડાંગ, નવસારી, તાપી, નર્મદા, ભરુચ, સુરત ગ્રામ્ય, સુરત અર્બન, ૮ જિલ્લાના ટેક હોમ રાશન અને “શ્રી અન્ન” (મિલેટ્સ) વાનગી સ્પર્ધામાં વિજેતાક્રમાંક-૧,૨,૩ ના ૨૪ (ચોવીસ) આંગણવાડી કાર્યકરો વિજેતા બન્યા હતા. જેમાં વલસાડ જિલ્લાના પારડી ઘટક-૧ ના સોનવાડા ગામતળ આંગણવાડી કેન્દ્રના કાર્યકર કલાવતી પટેલ દ્વારા રજુ કરવામાં બાલ શક્તિના થેપલા ઝોન કક્ષાએ તૃતિય ક્રમ મેળવ્યો હતો. આ વિજેતા વાનગી હવે રાજ્ય કક્ષાએ વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# ઝાલોદ પંચશીલ સોસાયટીના રહીશો દ્વારા કચરાના ઢગલા બાળતા પ્રદૂષણથી થતી ગંભીર બીમારી અંગે નગરપાલિકા ને લેખિત રજુઆત કરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ પંચશીલ સોસાયટીની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં કે જે આ સોસાયટીની બાઉન્ડ્રી ને પાસે આવેલ છે તેમજ વણકતલાઈ મંદિર જતા સામે આવેલ એફ.સી.આઈ ગોડાઉનની બાજુમાં જ્યાં નગરપાલિકા દ્વારા કચરાના ઢગલા ખડકવામા આવેલ છે. આ કચરાનો નાશ કરવા નગરપાલિકા દ્વારા અથવા પાલિકા અધિકૃત કામગીરી કરતા કર્મચારીઓ દ્વારા આ કચરાનો નાશ કરવા માટે આગ લગાડી બાળવામાં આવે છે તેને લઈને આ કચરો બળતા આની સીધી અસર પંચશીલ સોસાયટી વિસ્તારમાં રહેતા રહીશોને થાય છે. આ કચરો બળતા તેનો તીવ્ર દુર્ગંધ મારતો ધુમાડો સોસાયટી મા રહેતા લોકોના ઘરોમાં જાય છે આ દુર્ગંધ મારતા ધુમાડા થી મોટી ઉંમરના લોકો તેમજ આ સોસાયટી વિસ્તારના તમામ રહીશોને ખાંસી, દમ તેમજ આંખોમા બળતરા જેવી ગંભીર બીમારીઓ થતાં આરોગ્ય ને લગતી સમસ્યાઓ સર્જાય છે. તેથી આ વિસ્તારના રહીશોનું કચરાના ઢગલા બાળવા થી અહીં રહેતા રહીશોનું આરોગ્ય જોખમાય છે તો આ અંગે નગર પાલિકા સત્વરે ધ્યાન આપી આ સોસાયટીમા રહેતા રહીશો વિશે વિચારી તેમના હિતમાં યોગ્ય પગલાં લે તેવો લેખિત માંગ કરવામાં આવેલ છે.

## ગામ ખાતે ૩૨ હજાર થી વધુ ક્લોરિન ટેબલેટનું વિતરણ

# ધર્મજ ગામે કમળાના વધુ ૨ કેસ મળતા અત્યાર સુધીના કુલ ૧૨૬ કેસ નોંધાયા

। (માહિતી) આણંદ, તા.૩ ।



પેટલાદ તાલુકાના ધર્મજ ગામ ખાતે કમળાના કેસ માં જિલ્લા અઠવાડિયા થી સતત ઘટાડો નોંધાય રહ્યો છે, ત્યારે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ના જણાવ્યા મુજબ ધર્મજ ગામ ખાતે આરોગ્ય વિભાગની ૧૯ જેટલી ટીમો હજી પણ કામ કરી રહી છે અને આ ટીમો ડોર ટુ ડોર સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગની ટીમ દ્વારા શોધવામાં આવેલ પાણીના ૩૮ જેટલા લીકેજીસની દૂરસ્તીની કામગીરી ગ્રામ પંચાયત ધર્મજ દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. વધુમાં તેમણે જણાવ્યું કે, ધર્મજ ગામ ખાતે આજે વધુ ૦૨ નવા કેસ મળી આવ્યા છે, અત્યાર સુધીમાં કુલ ૧૨૬ જેટલા કમળાના કેસ મળી આવ્યા છે, અને હાલ ૦૭ દર્દીઓ સારવાર હેઠળ છે. છેલ્લા અઠવાડિયાથી કમળાના કેસમાં સતત ઘટાડો નોંધાયો છે. પીવાના પાણીના ક્લોરીનેશનના ૬૦૨ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા છે, તે પૈકી ૪૫૫ પોઝિટિવ અને ૧૪૭ ટેસ્ટ નેગેટિવ આવ્યા છે. પીવાના પાણીના બે સેમ્પલ ના રિપોર્ટ આવ્યા છે, જે પીવા લાયક છે તેમ જણાવાયું છે. ધર્મજ ગામ ખાતે આરોગ્ય તંત્ર દ્વારા ૩૨ હજાર જેટલી ક્લોરિન ટેબલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું છે. ગામના કોઈપણ વ્યક્તિને કમળાના લક્ષણ દેખાય તો જાતે દવા ન લેતા નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

# ડાંગ જિલ્લાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા ખાતે વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ



। (માહિતી) ડાંગ, તા.૩ ।



સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવા ખાતે **‘SRC’** સમિતિ અને ‘સાંસ્કૃતિક સમિતિના સંયુક્ત ઉપ ક્રમે તા.૨૫/૦૨/૨૦૨૫ રોજ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ નિર્મળાબેન ગાઈનના અધ્યક્ષ સ્થાને ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ ની થીમ ઉપર કોલેજમાં વાર્ષિકોત્સવ, પારિતોષિક વિતરણ અને શુભેચ્છા સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વાર્ષિકોત્સવ માં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા આઠ પ્રકારના જુદા જુદા સ્ટોલ લગાવવામાં આવ્યાં હતાં. જેમાં મિલેટ્સથી ડાંગી ડીશની પરંપરાગત વાનગીઓ, વારલી પેઈન્ટિંગનું સ્ટોલ, ઈનોવેશન સ્ટોલમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતે બનાવેલ સેન્સર કાર, બ્લાઈન્ડ સ્ટીક ગેસ ડિટેક્ટર વાઈટ ડિટેક્ટર વગેરે વિગેરે પ્રોજેક્ટ નું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અંબિકા હળદર સ્ટોલ સ્નેક્સ વગેરે સ્ટોલનું પ્રદર્શન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ડાંગ દર્શન, ડાંગી સંસ્કૃતિ અને ડાંગી વાનગીઓ અંગે લોકોમાં પ્રચાર પ્રસાર તેમજ વિદ્યાર્થીઓમાં રહેલા આંતરિક સુષુપ્ત શક્તિઓ ઉજાગર કરવા માટે તેમજ તેમનામાં દૃઢ આત્મવિશ્વાસ કેળવાય તેવા હેતુસર વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કરી ભવિષ્યમાં પોતે આત્મનિર્ભર બની શકે તે હેતુથી આ પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ના કુલપતિ શ્રી ડૉ મધુકર પાડવી અને ડાંગ જિલ્લા પ્રાયોજના વહીવટ-દાર શ્રી આનંદ પાટીલ સહિત ના મહાનુભાવોએ સ્ટોલ નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે કોલેજના આચાયશ્રી ડૉ.યુ. કે. ગાંગુર્ડેએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી પોતાના પ્રસંગોચિત ઉદબોધનમાં વિદ્યાર્થીઓના ભાવિ ઘડતર માટે આશીર્વાદ આપ્યા હતા. તેમજ “એક ભારત શ્રેષ્ઠ ભારત”ના સંકલ્પને સાકાર કરવા બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીના કુલપતિશ્રીને આદિવાસીઓની સંસ્કૃતિની એકરૂપ તા જળવાઈ રહે તે માટે **MOU** કરવાનું આહવાન કર્યું હતું. તેમજ ડાંગના વિદ્યાર્થીઓને તમામ ડિગ્રી ઓ અહીંથી જ મળી રહે તે માટે ડાંગ-આહવાને શિક્ષણ નું હબ બનાવવાનો સંકલ્પ કર્યો હતો. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સીટી રાજપીપળાના કુલપતિશ્રી ડૉ. મધુકર એસ. પાડવી અને ઉપસ્થિત જુદી જુદી કોલેજના આચાયશ્રીઓના હસ્તે કોલેજમાં પીએચ.ડી થયેલા અધ્યાપકો ને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લા પ્રાયોજના વહીવટદાર શ્રી આનંદ એ. પાટીલ **(IAS)**, ફૅકલ્ટી ઓફ આર્ટસ **VNSGU** સુરતના ડીન શ્રી અને શ્રી મોરાર જી દેસાઈ આર્ટ્સ **&** કોમર્સ કોલેજ બુહારીના આચાયશ્રી ડૉ. જયંતિ એસ. ચૌધરી, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ભીલાડના આચાયશ્રી ડૉ. કાશીરામ એ. ભોયે, અને સરકારી વિજ્ઞાન કોલેજ આહવા ડાંગના આચાયશ્રી ડૉ. અરુણ ભાઈ ધારીયા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ ઉતરોઉત્તર પ્રગતિ કરે એવા આશીર્વચન આપ્યા હતા. કાર્યક્રમમાં મ્છ અને **MA** ના વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિ ભાવો રજુ કર્યા હતા.

# આદિવાસી લોકોની લોક સંસ્કૃતિ ઉજાગર કરતો ઐતિહાસિક ડાંગ દરબારનો મેળો



। (માહિતી) ડાંગ, તા.૩ ।

જંગલોમાં, પર્વતો ની વચ્ચે કુદરત ના ખોળે વસેલાં આદિવાસીઓની જીવન શૈલી અને રીત રિવાજો અનોખા હોય છે. આદિવાસીઓના મેળાઓ પણ અદભુત અને અનોખા હોય છે. ગુજરાતમાં ગણી-ગાંઠી જગ્યાએ એવા મેળાઓ ભરાય છે. જેમાં ડાંગ-દરબારનું સ્થાન અગ્રેસર કહી શકાય. ડાંગ જિલ્લામાં હોળી પર્વનું મોટું માહાત્મ્ય છે. ડાંગ દરબારનો સાંસ્કૃતિક મેળો દર વર્ષે હોળી પહેલા જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે યોજાય છે. સને ૧૯૪૨ સુધી ડાંગ જિલ્લાનો વહીવટ ભીલ રજાઓ અને નાયકો કરતાં. એજ વર્ષમાં ડાંગ ના જંગલ ના પટ્ટાઓ બ્રિટિશરોને આપવામાં આવ્યા હતા. ભીલ રજાઓ અને નાયકોને પટ્ટાના હક્ક બદલ અને પછી વાર્ષિક વર્ષાસન સ્વરૂપે આપવાની થતી રકમ દર વર્ષે ભીલ રાજાઓ, નાયકો તેમના ભાઈબંધો, પોલીસ, પટેલો અને કારભારીઓને ડાંગ-દરબાર ભરીને અર્પણ કરવામાં આવતી. દરબાર યોજવા પાછળનો બ્રિટિશરોનો મુખ્ય આશય ડાંગી રાજાઓ, નાયકો તથા લોકો એક જ જગ્યાએ એકત્ર થાય તે માટેનો હતો. આહવાની આજુબાજુના લાખો આદિવાસીઓ પાંચ દિવસ ચાલતા ડાંગ દરબાર પાસે એકઠા થતાં હતા અને દરબાર તેમની ફરિયાદો સાંભળીને તેનો નિકાલ કરતાં હતા. વર્તમાનમાં પણ આ ક્રમ ચાલુ છે. પરંતુ આજે ડાંગના આદિવાસી રાજાઓ બેસે છે જરૂર પણ ફરિયાદોનું નિવારણ તો જિલ્લા કલેક્ટર જ કરે છે. ડાંગ દરબારમાં ડાંગી રાજાઓ, નાયકો તેમજ તેમના ભાઈબંધો રંગબેરંગી પોષાકમાં સુસજ્જ થઈને આવે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે.શક્ય હો એટલા શાંત રહેવાનો પ્રયાસ કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે-આજે તમે તમારી જાતને અન્યો માટે વધારે અને પોતાની માટે ઓછું કામ કરતા જોશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારા ખોરાક થી ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારી માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપ ણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે નહીં તો આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું વિચારી અને સમજી ને પૈસા જમા કરવા ની જરૂર છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારો ખાસ મિત્ર તમારા આંસુ લૂંછશે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને વ્યસ્તતા છે છતાં તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. નાણાકીય જીવનમાં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો. તમારે એ સમજવું જોઈએ કે એક હદ સુધીની ઉદારતા કરી છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. તમારે હિંમત હારવાને બદલે તમે ધારેલું પરિણામ મેળવવા માટે સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે આવા વિચારો જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમયમાં તકલીફ તમારેજ વેઠવવી પડશે?

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું સ્વાસ્થ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે.

## ન્યૂઝ બ્રિફ

### તમામ બેઠકો રદ કરી અચાનક અમેરિકા રવાના થયા કેન્દ્રીય મંત્રી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

અમેરિકાએ તાજેતરમાં જ ભારત સાથે ટેરિફ વિવાદ છંછેડ્યા બાદ કેન્દ્ર સરકાર એક્શનમાં આવી ગઈ છે. બે સરકારી અધિકારીઓના જણાવ્યા મુજબ, કેન્દ્ર સરકારે અમેરિકા સાથે વેપાર વાતચીત આગળ વધારવા માટે કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલને તાત્કાલિક અમેરિકા મોકલ્યા છે. અમેરિકાએ ટેરિફનો મુદ્દો ઉછાળ્યા બાદ ગોયલનો યુએસ પ્રવાસ નિર્ધારિત કરાયો છે. અધિકારીઓએ કહ્યું કે, ઉદ્યોગ મંત્રી ગોયલની યાત્રાનું તાત્કાલીક આયોજન કરવામાં આવ્યું છે. આઠ માર્ચ પહેલા ગોયલની દેશમાં અનેક બેઠકો યોજાવાની હતી, જોકે તેઓ તમામ બેઠકો રદ કરીને અમેરિકા રવાના થયા છે. કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલ ટેરિફના કારણે ભારત પર પડનારા પ્રભાવનું આકલન કરવા માટે અમેરિકાની પારસ્પરિક ટેરિફ વ્યૂહનીતિ પર સ્પષ્ટતા માંગશે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ, ગોયલ ટેરિફ ઘટાડવાના તેમજ દ્વિપક્ષીય વેપાર આગળ વધારવાના પ્રયાસોની સાથે સંભવિત ભારતીય છૂટછાટ અને વેપાર ડીલ અંગે ચર્ચા કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા ભારતનો સૌથી મોટો ભાગીદાર દેશ છે. બંને દેશોનો દ્વિપક્ષીય વેપાર જાન્યુઆરી સુધીના ૧૦ મહિનામાં દર વર્ષે લગભગ ૮ ટકા વધી ૧૦૮ બિલિયન ડૉલર પર પહોંચી ગયો છે. નિષ્ણાતોનું કહેવું છે કે, જો અમેરિકા ટેરિફ વધારશે તો ભારતના કેમિકલ્સ, મેટલ પ્રોડક્ટ્સ, જ્વેલરી, ઓટોમોબાઈલ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને ફૂડ પ્રોડક્ટ્સ પર ખરાબ અસર પડી શકે છે.

### બે રાજ્યોમાં સમાન EPIC નંબર ફેક મતદારનો પુરાવો નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દેશના વિવિધ રાજ્યોમાં વિપક્ષના સભ્યોએ મતદાતાઓને જારી કરેલા સમાન EPIC નંબરને લઈને ચિંતા વ્યક્ત કરી છે આ મુદાને ધ્યાનમાં લઈને ચૂંટણી પંચે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે EPIC નંબર કોઈ પણ હોય પરંતુ મતદાતાનું નામ જ્યાં નોંધાયું હોય ત્યાંજ નિર્ધારીત મતદાન કેન્દ્ર પર તેઓ મતદાન કરી શકે છે. ચૂંટણી પંચે એક નવી પહેલ કરતા મતદારોને એક યૂનિક EPIC નંબર ફાળવવાનો નિર્ણય કર્યો છે. ચૂંટણીપંચનું કહેવું છે કે કેટલાક મતદારોને EPIC નંબર સમાન હોય શકે છે પરંતુ સમાન EPIC નંબરવાળા મતદારો માટે જનસંખ્યાનું વર્ણન, વિધાનસભાનું ક્ષેત્ર અને મતદાન કેન્દ્ર સહિત અન્ય વર્ણન અલગ અલગ છે. ચૂંટણીપંચે મતદાર યાદીમાં હેરાફેરીના આરોપોને નિરાધાર ગણાવીને કહ્યું કે ડુપ્લીકેટ મતદાતા ઓળખપત્ર નંબર હોવાનો મતલબ એ નથી કે મતદાર ડુપ્લીકેટ છે. પંચનું આ સ્પષ્ટીકરણ વિવિધ સોશ્યલ મીડિયા પોસ્ટના જવાબમાં રવિવારે અપાયો છે. ચૂંટણીપંચે કહ્યું છે કે કોઈપણ શંકાને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવશે. શંકા દૂર કરવા માટે નોંધાયેલા મતદારોને યૂનીક EPIC નંબર ફાળવવાનો નિર્ણય પણ કરાયો છે.

---

### સેમિફાઈનલ મેચમાં બદલો લેવા તૈયાર ટીમ ઈન્ડિયા

# ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે સેમિફાઈનલ મેચ રમાશે

### ૨૦૨૩ની વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતની મેચ ઓસ્ટ્રેલિયાની સાથે થઈ તો કાંગારુએ ભારતને હરાવ્યા હતા : બદલો લેવાની તક

। (એજન્સી) દુબઈ, તા.૩ ।

ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે સેમિફાઈનલની મેચ ૪ માર્ચે દુબઈમાં રમાશે. ભારતની ટીમ પોતાના ગ્રૂપ સ્ટેજમાં શાનદાર પરફોર્મન્સ કરવામાં સફળ રહી છે અને પોતાની ત્રણેય મેચ જીતીને ટોપ પર પહોંચી. હવે ભારત સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયાની સાથે ટકરાશે. ૨૦૨૩ની વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતની મેચ ઓસ્ટ્રેલિયાની સાથે થઈ તો કાંગારુએ ભારતને હરાવી દીધા હતાં. હવે તે હારનો બદલો લેવાની તક છે. સેમિ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને ભારતીય ટીમ ફાઈનલમાં પહોંચવાનો પ્રયત્ન કરશે. આ મેચમાં બંને ટીમ જીત માટે દમ લગાડશે. જેનાથી તે ફાઈનલ રમી શકે. દરમિયાન મંગળવારે થનારી આ મેચ ખૂબ રસપ્રદ હશે. દરમિયાન જાણો આઈસીસી નોકઆઉટ રાઉન્ડમાં બંને ટીમોનો રેકોર્ડ કેવો રહ્યો.

આ સિવાય આઈસીસી વનડે નોકઆઉટમાં બંને ટીમોની વચ્ચે કુલ ૬ મેચ થયા છે. જેમાં ભારતને ત્રણેય મેચોમાં જીત તો ઓસ્ટ્રેલિયાને ત્રણ મેચોમાં જીત મળી છે એટલે કે નોકઆઉટ મેચમાં બંને ટીમો આ સમયે બરાબરી પર છે. ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે અત્યાર સુધી કુલ ૧૫૧ વનડે મેચ રમાઈ છે જેમાં ભારતને ૫૭ મેચોમાં જીત અને ઓસ્ટ્રેલિયાને ૮૪ મેચોમાં જીત મળી છે. ૧૦ મેચ પરિણામ વિનાની રહી છે. ઓસ્ટ્રેલિયાએ ભારતને આઈસીસી ઈવેન્ટમાં ત્રણ એવી હાર આપી છે જેને ચાહકો આજ સુધી ભૂલી શક્યાં નથી. સૌથી પહેલા ૨૦૦૩ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતને ઓસ્ટ્રેલિયાએ હરાવી દીધું હતું, ગાંગુલીની કેપ્ટનશિપમાં ભારતને વર્લ્ડ કપ ૨૦૨૩ની ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો હતો. તે બાદ ૨૦૧૫ની વનડે વર્લ્ડ કપ સેમિ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને હરાવીને ફાઈનલમાં પહોંચવાની આશાને તોડી દીધી હતી. તે બાદ ફરી ભારતને સૌથી આકરી હાર ૨૦૨૩ વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં મળી. ભારતીય ટીમ મેજબાન ટીમ હતી પરંતુ ઓસ્ટ્રેલિયાએ ફાઈનલમાં હરાવીને ભારતનું ત્રીજી વખત વર્લ્ડ કપ જીતવાના સ્વપ્નને તોડી દીધું હતું. હવે ભારતની પાસે તક છે ઓસ્ટ્રેલિયાને ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલથી બહાર કરવાની. ભારતીય ટીમ બદલો લેવા માટે મેદાન પર ઉતરશે. રોહિત શર્મા અને વિરાટ કોહલી ૨૦૨૩ વનડે વર્લ્ડ કપની હારને ભૂલ્યા નથી. તે હારે ભારતીય ટીમના ખેલાડીઓને ખૂબ નિરાશ કર્યા હતા. હવે તક છે કે ભારતીય ટીમ, ઓસ્ટ્રેલિયાનો ઘમંડ તોડે અને કાંગારુને ફાઈનલની રેસથી બહાર કરી દે.

વિરાટ કોહલી અને રોહિત શર્માથી સેમિફાઈનલમાં ખૂબ આશા રહેશે. બંને ખેલાડીઓનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ શાનદાર રહ્યો છે. ૪૫ મેચ રમી છે અને કુલ ૨૩૭૯ રન બનાવવામાં સફળતા મેળવી છે. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ રોહિતે વનડેમાં અત્યાર સુધી કુલ ૮ સદી ફટકારી છે. બીજી તરફ વિરાટ કોહલીનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ કમાલનો રહ્યો છે. કોહલીએ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ વનડેમાં અત્યાર સુધી ૪૯ મેચ રમી છે જેમાં તેમના નામે ૨૩૬૭ રન નોંધાયા છે. ૮ સદી કોહલીએ પણ વનડેમાં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ લગાવવામાં સફળતા મેળવી છે.

---

### કોંગ્રેસ નેતાએ રોહિત શર્માને મોટો (જાડો) કહી નાખ્યો

## કોંગ્રેસના નેતાએ રોહિત શર્મા વિશે કરી વિવાદિત કમેન્ટ, હંગામો મચ્યો

### કોંગ્રેસ નેતા શમા મોહમ્મદે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન પર એક વિવાદિત ટિપ્પણી કરી નાખતા હંગામો મચ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

રોહિત શર્માએ રનો અને સદીઓનો વરસાદ કરીને ભારતને અનેક ઐતિહાસિક જીત અપાવી છે. કેપ્ટન તરીકે રોહિત શર્માએ અનેક સફળતાઓ મેળવી છે. રોહિત શર્માએ ભારતને ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડ કપ પણ અપાવ્યો છે. રોહિત શર્માની કેપ્ટન્સી હેઠળ ભારત ૨૦૨૩ વનડે વર્લ્ડ કપમાં રનર અપ રહ્યું હતું. હાલના સમયમાં રોહિત શર્માની કેપ્ટન્સીવાળી ટીમ ઈન્ડિયાએ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની સેમીફાઈનલમાં જગ્યા મેળવી લીધી છે. હવે તે ખિતાબની પ્રબળ દાવેદાર છે. આ બધા વચ્ચે કોંગ્રેસ નેતા શમા મોહમ્મદે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા પર એક વિવાદિત ટિપ્પણી કરી નાખતા હંગામો મચી ગયો છે. કોંગ્રેસ નેતાએ રોહિત શર્માની બોડી શેમિંગ કરતા તેને મોટો (જાડો) કહી નાખ્યો છે. ફક્ત એટલું જ નહીં કોંગ્રેસ નેતા શમા મોહમ્મદે રોહિત શર્માની કેપ્ટન્સીને દેશના ઈતિહાસમાં સૌથી ખરાબ પણ ગણાવી દીધી. આ સાથે જ તેમણે રોહિતને વજન ઘટાડવાની સલાહ પણ આપી દીધી. શમા મોહમ્મદે એક્સ પર પોસ્ટ કરીને લખ્યુ હતું કે 'રોહિત એક ખેલાડી તરીકે મોટો (જાડો) છે. વજન ઘટાડવાની જરૂર છે. અને હા, ભારતનો અત્યાર સુધીનો સૌથી નિરાશાજનક કેપ્ટન.' કોંગ્રેસ નેતા શમા મોહમ્મદની આ કમેન્ટની ભારે ટીકા થઈ રહી છે. વિવાદ વધતા શમા મોહમ્મદે આ પોસ્ટ ડિલીટ કરવી પડી. જો કે ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું અને હવે તેની પોસ્ટનો સ્ક્રીન શોટ વાયરલ થઈ રહ્યો છે.

---

### જંગી ઇન્ફ્રાસ્ટ્રક્ચરની યોજનાઓમાં સુધારો કર્યો

## ભારતના અદાણી ગ્રુપે અમેરિકાની રોકાણ યોજનાને પુનઃસજીવન કરી

### જૂથ અગાઉ સંભવિત ભાગીદારી પર યુએસ કંપનીઓ સાથે વાટાઘાટ કરી રહ્યું હતું અને ટેક્સાસમાં પેટ્રોકેમિકલ રોકાણો પર ધ્યાન આપ્યું હતું

। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

ભારતના અદાણી જૂથે અમેરિકામાં જંગી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પોતાની યોજનાઓમાં સુધારો કર્યો છે. એમ એક વિદેશી અખબારનો અહેવાલ દર્શાવે છે. અમેરિકામાં પ્રેસિડન્ટની ચૂંટણી યોજાવાની હતી ત્યારથી આ માંધાતા ગ્રુપે ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ્સ અને યુટિલીટીઝ તેમજ ઈસ્ટો કોસ્ટ પોર્ટ પરની સંભવિત યોજનાઓને પુનઃસજીવન કરી હતી એમ ગૌતમ અદાણીની નજીકના ગાઢ સૂત્રોને ટાંકતા અહેવાલમાં જણાવ્યુ હતુ. નોંધનીય છે કે ન્યૂયોર્કમાં ફેડરલ પ્રોસિક્યુટર્સે નવેમ્બરમાં ગૌતમ અદાણી પર અદાણી ગ્રીન એનર્જી દ્વારા ઉત્પાદિત વીજળી ખરીદવા માટે તેમને લાંચ આપવાનો આરોપ મૂક્યો હતો. પરંતુ અદાણીના સૂત્રોએ જણાવ્યું હતુ કે અમે જાણીએ છીએ કે અમે શું કરવા માંગીએ છીએ, પરંતુ અમે આ (કેસ) ઉકેલાય ત્યાં સુધી રાહ જોઈશું. ઉપરાંત અદાણી ગ્રુપે કહ્યું છે કે લાંચના આરોપો ''પાયાવિહોણા'' છે અને તે ''સંભવિત તમામ કાનૂની આશરો'' લેશે. જૂથ અગાઉ સંભવિત ભાગીદારી પર યુએસ કંપનીઓ સાથે વાટાઘાટ કરી રહ્યું હતું અને ટેક્સાસમાં પેટ્રોકેમિકલ રોકાણો પર ધ્યાન આપ્યું હતું. ટ્રમ્પની નવેમ્બરની ચૂંટણી જીત્યા પછી, ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે ગ્રુપે યુએસ ઊર્જા સુરક્ષા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ૧૦ અબજ ડોલરનું રોકાણ કરવાની યોજના બનાવી છે, જેમાં સંભવિત ૧૫,૦૦૦ નોકરીઓનું સર્જન થશે.

---

## માધબી પુરી બુચને બોમ્બે હાઈકોર્ટમાંથી રાહત મળી



। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

બોમ્બે હાઈકોર્ટે કેલ્સ રિફાઈનરી મામલે મંગળવાર ૪ માર્ચ સુધી FIR ન નોંધવાનો આદેશ આપ્યો છે. સાથે જ હાઈકોર્ટ આ મામલે સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI), બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)ની અરજીઓ પર ૪ માર્ચે સુનાવણી કરવા સંમત થઈ છે. કોર્ટે એક મૌખિક નિર્દેશમાં કહ્યું કે, ૪ માર્ચે સુનાવણી થાય ત્યાં સુધી FIR નોંધવામાં ન આવે. SEBIના અધિકારીઓ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા અને BSEના અધિકારીઓ વતી વરિષ્ટ વકીલ અમિત દેસાઈ કોર્ટમાં પહોંચ્યા હતા. આપને જણાવી દઈએ કે, મુંબઈની એક સ્પેશિયલ કોર્ટે ૧ માર્ચે એન્ટી કરપ્શન બ્યુરાu (ACB)ને SEBIના પૂર્વ ચેરપર્સન માધબી પુરી બુચ અને ૫ અન્ય અધિકારીઓ સામે કથિત શેરબજાર છેતરપિંડી અને નિયમનકારી ઉલ્લંઘનના આરોપમાં FIR નોંધવાનો નિર્દેશ આપ્યો હતો. સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના પૂર્વ ચેરપર્સન માધબી પુરી બુચ અને અન્ય ૫ અધિકારીઓ સામે કેસ નોંધવાનો મુંબઈની કોર્ટે આદેશ આપ્યો હતો. મુંબઈની સ્પેશિયલ એસીબી કોર્ટના ન્યાયાધીશ કે. શશિકાંત એકનાથરાવ બાંગરે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે નિયમનકારી ક્ષતિઓ અને મિલીભગતના પ્રથમદર્શી પુરાવા છે, જેની તપાસની જરૂર છે. કોર્ટે કહ્યું હતું કે, તે તપાસ પર નજર રાખશે અને ૩૦ દિવસની અંદર સ્ટેટસ રિપોર્ટ માંગવામાં આવ્યો છે. કોર્ટે આદેશમાં એમ પણ કહ્યું હતું કે, આરોપો કોગ્નિઝેબલ ગુનો (cognizable offence) દર્શાવે છે, જેના માટે તપાસ જરૂરી છે. તેમાં કહેવામાં આવ્યું હતું કે કાયદા અમલીકરણ એજન્સીઓ (Law enforcement agencies) અને સેબીની નિષ્ક્રિયતાને કારણે, સીઆરપીસીની જોગવાઈઓ હેઠળ ન્યાયિક હસ્તક્ષેપની જરૂર છે. ફરિયાદી, જે એક મીડિયા રિપોર્ટર છે, તેણે કથિત ગુનાઓની તપાસની માંગ કરી હતી, જેમાં મોટા પાયે નાણાકીય છેતરપિંડી, નિયમનકારી ઉલ્લંઘન અને ભ્રષ્ટાચારનો સમાવેશ થાય છે.

---

### ગુજરાત ATS અને હરિયાણા STFની મોટી કાર્યવાહી

# બે શંકાસ્પદ આતંકીઓને હેન્ડ ગ્રેનેડની સાથે ઝડપી લેવાયા

### આરોપી બદલાયેલા નામથી ગામમાં રહેતો હતો : ધરપકડ કરાયેલ આરોપી ઉત્તર પ્રદેશના અયોધ્યાનો રહેવાસી છે

। (એજન્સી) ફરીદાબાદ, તા.૩ ।

એક સંયુક્ત ઓપરેશનમાં ગુજરાત ATS ટીમે ગઈકાલે રવિવારે સાંજે ફરીદાબાદના પાલી ગામમાં એક શંકાસ્પદ યુવકની ધરપકડ કરી. તેની પાસેથી વિસ્ફોટક સામગ્રી મળી આવી છે. ધરપકડ કરાયેલ વ્યક્તિ લગભગ દસ દિવસથી બદલાયેલા નામથી ગામમાં રહેતો હતો. જો સૂત્રોનું માનીએ તો, ધરપકડ કરાયેલ આરોપી ઉત્તર પ્રદેશના અયોધ્યાનો રહેવાસી છે. તે ગુજરાતથી ફરીદાબાદ આવ્યો હતો અને બદલાયેલા નામથી ત્યાં રહેતો હતો. ગુજરાત પોલીસ તેને શોધી રહી હતી. પોલીસને માહિતી મળતા જ કે આરોપી બદલાયેલા નામથી ફરીદાબાદમાં રહે છે, ટીમ પલવલ પહોંચી અને સ્થાનિક STF ટીમને જાણ કરી હતી. આ પછી, ગુજરાત અને પલવલ એસટીએફની ટીમે સંયુક્ત કાર્યવાહી કરી અને પાલી ગામમાં સ્થિત એક ખેતરમાં ટ્યુબવેલ પાસે બનેલા એક રૂમની બહારથી આરોપીને પકડી પાડ્યો. સૂત્રો જણાવે છે કે શોધખોળ દરમિયાન તેની પાસેથી વિસ્ફોટક સામગ્રી મળી આવી હતી. એવી શંકા છે કે તે વિસ્ફોટક સામગ્રી ગુજરાતથી ફરીદાબાદ લાવ્યો હતો. તે કયા હેતુ માટે ફરીદાબાદ વિસ્ફોટકો લાવ્યો હતો તે અંગે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. આરોપીની ધરપકડના સમાચાર સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યા છે. જો સૂત્રોનું માનીએ તો, તેના વિદેશમાં પણ સંબંધો હતા. પાલી ગામમાં કોઈ વિસ્ફોટકો સાથે પકડાયાના સમાચાર આગની જેમ ફેલાઈ ગયા. માહિતી મળતા જ ગ્રામજનો ઘટનાસ્થળે ભેગા થઈ ગયા હતા. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પોલીસ હાજર જોઈને બધા દંગ રહી ગયા. આ સમય દરમિયાન, ગ્રામજનોએ STF કાર્યવાહીનો વીડિયો બનાવ્યો અને તેને સોશિયલ મીડિયા પર પણ શેર કર્યો.

---

## સપના નેતાએ ઔરંગઝેબના વખાણ કરતા I.N.D.I.A. ગઠબંધનમાં તિરાડ!

। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીએ ઔરંગઝેબના વખાણ કરતા શિવસેના યુબીટીના નેતા આદિત્ય ઠાકરેએ તેમની ધરપકડ કરવાની માંગ કરી છે. આઝમીએ વિવાદાસ્પદ નિવેદન કરી કહ્યું હતું કે, 'ઔરંગઝેબ શ્રેષ્ઠ રાજા હતા, તેમના સમયમાં ભારત 'સોને કી ચિડિયા' હતું. ઔરંગઝેબની કબર ખોદવાનું કહેનારા ભાજપ નેતા સાંપ્રદાયિક સૌહાર્દ બગાડી રહ્યા છે. મુસ્લિમો પર દબાણ કરવામાં આવી રહ્યું છે.' બીજીતરફ આઝમીના નિવેદન પર ભાજપ નેતા રામ કદમે કહ્યું કે, 'અબુ અસીમ આઝમીએ થિયેટરમાં જઈને છાવા ફિલ્મ જોવી જોઈએ. ઈતિહાસ વાંચવો જોઈએ. તેઓ જેને શ્રેષ્ઠ રાજા કહી રહ્યા છે, તેણે આપણા સંભાજી રાજાને બર્બરતા પૂર્વક માર્યા અને તેમને જેલમાં ધકેલ્યા હતા. અબુ આઝમીને શરમ આવવી જોઈએ.'અબુ આઝમીએ અગાઉ પણ ઔરંગઝેબનું સમર્થન કર્યું હતું. વર્ષ ૨૦૨૩માં ઔરંગઝેબ સમર્થન કરનારા આઝમીને જાનથી મારવાની ધમકી મળી હતી.

---

### મહાનગરપાલિકા વિસ્તારમાં કર અને દરમાં કોઈપણ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી, હાલના દર યથાવત રહેશે : મિલિંદ બાપના

# આણંદ મહાનગરપાલિકા ના પ્રથમ કમિશનર મિલિંદ બાપના દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ નું રૂ.૧૦૫૫.૩૨ કરોડનું બજેટ રજૂ કરાયું

। (માહિતી) ગાંધીનગર ।

આણંદ મહાનગરપાલિકાના પ્રથમ કમિશનર શ્રી મિલિંદ બાપના એ આજે મહાનગરપાલિકાનું નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રથમ અંદાજપત્ર રજૂ કરતા જણાવ્યું હતું કે મહાનગરપાલિકાના વહીવટદાર શ્રી અને કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરીને આજે અંદાજપત્ર આપતા હર્ષની લાગણી અનુભવું છું. શ્રી મિલિંદ બાપના દ્વારા આણંદ મહાનગરપાલિકાનો સર્વાંગી વિકાસ થાય તેવું વર્ષ ૨૦૨૫-૨૬ નું અંદાજિત રૂપિયા ૧૦૫૫.૩૨ કરોડનું બજેટ આણંદ મહાનગરપાલિકાના વહીવટદાર શ્રી અને કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરી સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું.

શ્રી મિલિંદ બાપના એ મિલકતવેરા સંબંધે જણાવ્યું કે આણંદ મહાનગરપાલિકાનું આ પ્રથમ વર્ષ હોય કોઈ કર અને દરમાં કોઈપણ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી, હાલના દર યથાવત રહેશે. તેમણે આણંદ મહાનગરપાલિકાના મુખ્ય રસ્તાઓ અંગે જણાવ્યું કે ટાઉનહોલ ચોકડીથી ભાઈ કાકા ચોકડી સુધીના આણંદ વિદ્યાનગર રોડ ૨.૫ કિલોમીટર લંબાઈના રોડને આઈકોનિક રોડ તરીકે ડેવલોપ કરવામાં આવશે. ભાલેજ બ્રિજથી ગ્રીડ ચોકડી સુધીના રોડને ડામર રોડ બનાવી તેમાં વિવિધ પ્રકારનું બ્યુટીફિકેશનની કામગીરી કરાવી આઈકોનિક રોડ તરીકે ડેવલોપ કરવામાં આવશે. એલીકોન ગાર્ડન થી બાકરોલ ગેટ સુધીના ૭૦૦ મીટર લંબાઈના રોડને તમામ સુવિધાઓથી સજ્જ આરસીસી રોડ બનાવવામાં આવશે, આણંદ મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલા કુલ ૧૪ જેટલા રોડને આરસીસી રોડ બનાવવામાં આવશે.

આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં તળાવ તેમજ બગીચા ને લગતા કામ અંગે તેમણે જણાવ્યું કે જળસંગ્રહ શક્તિ વધારવા માટે ચાર તળાવો ઊંડા કરવા તળાવના ફ્રન્ટ ડેવલપમેન્ટ તેમજ તળાવનું બ્યુટીફિકેશન કરવામાં આવશે. નગરજનોની આરોગ્ય લક્ષી સુખાકારીમાં વધારો કરવા બે નવીન ઓક્સિજન પાર્ક, બે નવીન પાર્ટી પ્લોટ તથા જાપાનની મિયાવાકી પદ્ધતિથી એક નવીન ગાર્ડન બનાવવાનું આયોજન તથા ગોયા તળાવ ને અમદાવાદ કાંકરીયા ની થીમ બેઝ પર ડેવલોપ કરવામાં આવશે.

આણંદ શહેરના આગવી ઓળખના કામો તરીકે સાંસ્કૃતિક વારસાને જાળવતું એક નવીન કલ્ચર સેન્ટર, રેઈન વોટર હાર્વેસ્ટિંગ દ્વારા વરસાદી પાણીના સંગ્રહ કરવા માટેનું આયોજન, મહાનગરપાલિકાના દરેક ઝોન માટે ત્રણ કિલ્લોલ કુંજ એટલે કે ઘોડિયાઘર નિર્માણ કરવામાં આવશે, ફૂડ સેફ્ટી અંતર્ગત શહેરમાં અત્યાધુનિક બે વેજીટેબલ માર્કેટ તથા એક ફ્રુટ માર્કેટ નું નિર્માણ કરવામાં આવશે.




યુવા રમતગમત શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ને લગતા કામો અંતર્ગત આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં ચાર નવા યોગા સેન્ટર, બે ઓપન જીમ, ઉપરાંત એક નવા સ્વિમિંગ પૂલ અને રિક્રેએસન સેન્ટર તથા બે નવી લાઈબ્રેરી અને સ્ટડી સેન્ટર બનાવી નોલેજ સેન્ટર તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલા બાળ વિકાસ, આરોગ્ય અને શિક્ષણને લગતા કામ માટે એક નવા ફિઝિયોથેરાપી સેન્ટર ઉપરાંત મહાનગર પાલિકાના દરેક વોર્ડમાં અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, મહાનગરપાલિકાના દરેક ઝોન ખાતે એક આયુષ સેન્ટર અને ડિજિટલ એજ્યુકેશનની પહેલ માટે મહાનગર પાલિકા વિસ્તારની તમામ શાળાઓમાં સ્માર્ટ ક્લાસરૂમ બનાવવાનું આયોજન છે.

અગ્નિશામક વિભાગ ને લગતા કામો જેવા કે, ફાયર સંબંધિત સુરક્ષા માટે એક નવા વોચ ટાવર બનાવવાનું તથા ફાયર સેફટી માટે નવા ફાયર સ્ટેશન બનાવવાનું આયોજન છે. મહાનગરપાલિકા વિસ્તારમાં પશુઓ માટે રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન ટેગ લગાવવાની જોગવાઈ છે, ઉપરાંત ૫૦૦ ઢોર ની ક્ષમતા વાળું ઢોર ડબ્બા અપડેટ કરવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા વિસ્તારમાં પર્યાવરણ સેનિટેશન અને રિસાયકલિંગ માટે નવા છ પંપીંગ સ્ટેશન તથા બે નવા એસટીપી બનાવવાનું આયોજન અને એક બાયો મિથેન પ્લાન્ટ બનાવવાનું આયોજન છે. સફાઈ માટે મિકેનાઈઝ્ડ ક્લીનિંગ ટ્રક, મીની સ્વીપિંગ, સુપર સકર જેવા નવીન સાધનોની ખરીદી કરવાનું તથા કચરાના નિકાલ માટે છ નવા ગારબેજ ટ્રાન્સફર સ્ટેશન બનાવવા નું પણ આયોજન છે. સ્ટ્રીટ લાઈટ અને વીજળીને લગતા કામો તેમજ સર્વેલન્સના કામ માટે આણંદ શહેર વિસ્તાર તથા ગામોના મુખ્ય ચોક સહિત શાળાઓ, સરકારી ઓફિસ, ગાર્ડન વગેરે સ્થળોમાં સીસીટીવી કેમેરા લગાવવાનું આયોજન છે. આણંદ શહેરમાં ટ્રાફિક વાળા ચોક/ સર્કલમાં આત્યાધુનિક ટ્રાફિક સિગ્નલ નું નિર્માણ કરવામાં આવશે. આંતરમાળખાકીય સુવિધાઓના સુવિચારો સંચાલન માટે ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર બનાવવામાં આવશે.

આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં સરદાર સાહેબનું નવું મ્યુઝિયમ તથા અટલપથ- સરદાર પથ બનાવવાનું આયોજન છે. એપીસી સર્કલ તેમજ અટલ ચોક ખાતે બે નવા ફ્લાય ઓવર બનાવવાનું આયોજન છે. અવકુલ હોટલ પાસે અંડર બ્રિજ અંગેની દરખાસ્ત કરવામાં આવશે. આ ઉપરાંત એક નવું એનઆરજી ડેસ્ક અને એન આર જી સેન્ટર બનાવવાનું, આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૪ નવી વોર્ડ ઓફિસ બનાવવાનું તથા એ આઈ બેઝડ સિટિઝન ગ્રીવાંશ સિસ્ટમ રીડ્રેસલ સિસ્ટમ બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ ચાર ગામોમાં નવી ડ્રેનેજ લાઈન પંપિંગ સ્ટેશન, નવી પાણીની લાઈન, હયાત આંગણવાડીઓને સ્માર્ટ આંગણવાડીમાં રૂપાંતર કરવામાં આવશે, એક કોમ્યુનિટી હોલ/ લગ્ન વાડીનું નિર્માણ કરવામાં આવશે અને ગ્રામ્ય વિસ્તારમાં એક સ્માર્ટ લાઈબ્રેરી નું પણ નિર્માણ કરવાનું આયોજન છે. આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં હાલમાં શહેર વિસ્તારમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન માટે નવી એજન્સીને કામ આપવામાં આવ્યું છે, જે માર્ચ ૨૦૨૫ સુધી આણંદ મહાનગર પાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ ગામડાઓ સહિત તમામ વિસ્તારોમાંથી પણ ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન ૧૦૦ ટકા કરવામાં આવશે. આણંદ મહાનગરપાલિકાની ડમ્પીંગ સાઈડ ખાતે હાલ ૨૦૦ ટી પી ડી ક્ષમતા સાથેનો પ્રયાસ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ કાર્યરત છે, જે સૂકા અને ભીના કચરા માટે કામ કરે છે. આણંદ મહાનગરપાલિકાના વહીવટદાર શ્રી અને કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરીએ તમામ લોકોની લાગણી - માંગણીઓ સંતોષનારૂ આ બજેટ કમિશનર દ્વારા રજુ કરવામાં આવ્યું છે, તેમ જણાવી આણંદ મહાનગર પાલિકાના આ પ્રથમ અંદાજપત્રનું સંપૂર્ણ અમલીકરણ થાય તે રીતે કામ કરવા જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે આ બજેટ ખૂબ જ ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને બનાવવામાં આવ્યું છે, જેમાં નળ, ગટર, રસ્તાનું કામ તથા લોકોની અપેક્ષાઓ હોય છે તે તમામ સુવિધાઓ આવરી લેવામાં આવી છે.

# ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પોતાના પરિવાર સુરતના પ્રાચીન શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી જૈન દેરાસરમાં દર્શન




સુરત શહેરના અતિ પ્રાચીન ચમત્કારી શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી જૈન દેરાસર શાહપોરમાં પરમાત્માની ભવ્યાથી ભવ્ય સોના હીરા ઝવેરાતની આંગી કરવામાં આવેલ તેમજ સંપૂર્ણ જિનાલયને સુશોભિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા વિશ્વવિખ્યાત ઉદ્યોગપતિ ગૌતમભાઈ અદાણી પોતાના પરિવાર સાથે દર્શન અર્થે પધાર્યા હતા. ગૌતમભાઈ અદાણીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આશરે ૩૫ વર્ષ પછી ફરી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજીના દર્શન કર્યા અને આરતી ઉતારી ધન્યતા અનુભવી. શ્રી ચિંતામણી જૈન દેરાસરના ટ્રસ્ટીઓ એ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ૧૧ માર્ચ સુધી સાણંદ-છારોડી સેક્શનમાં સ્થિત રેલ્વે ક્રોસિંગ નં. ૨૯ (ખોડા રેલ્વે ફાટક) બંધ રહેશે

। અમદાવાદ, તા.૩ ।

પશ્ચિમ રેલ્વે અમદાવાદ મંડળના સાણંદ-છારોડી સેક્શન વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નં. ૨૯ (કિમી ૫૩૩/૨-૪) તાત્કાલિક અસરથી ૧૧ માર્ચ ૨૦૨૫ ના રોજ સાંજે ૨૦.૦૦ વાગ્યા સુધી તાત્કાલિક સમારકામના કામ માટે બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન રોડ યુઝર્સ રેલ્વે ક્રોસિંગ નંબર ૩૭ (સચાણા રેલ્વે ફાટક) અને રેલ્વે ક્રોસિંગ નંબર ૨૨ (સાણંદ જોગણી માતા રેલ્વે ફાટક) નો ઉપયોગ કરી શકે છે.

## ૪ થી ૧૩ માર્ચ સુધી અમદાવાદ-ગેરતપુર સેક્શનમાં સ્થિત રેલ્વે ક્રોસિંગ નં. ૩૦૫ (વિંજોલ રેલ્વે ફાટક) બંધ રહેશે

। અમદાવાદ, તા.૩ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ-ગેરતપુર સેક્શન માં સ્થિત રેલવે ક્રોસિંગ નં. ૩૦૫ (કિ.મી. ૪૮૬/૩૦-૩૨) વિંઝોલ રેલવે ફાટક ૪ માર્ચ ૨૦૨૫ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યાથી ૧૩ માર્ચ ૨૦૨૫ ના રોજ સાંજે ૨૦.૦૦ વાગ્યા સુધી ડીપ સ્ક્રીનીંગ અને ટ્રેક જાળવણી કાર્ય માટે બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન રોડ યુઝર્સ કેડિલા બ્રિજ અને GIDC રોડ ઓવર બ્રિજ (ROB) (વટવા સ્ટેશનની ઉત્તર બાજુ) દ્વારા મુસાફરી કરી શકશે.

## સોલા બ્રિજની સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી અકસ્માત થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદમાં ૨૭ ફેબ્રુઆરીના રોજ સોલા બ્રિજ પર વહેલી સવારે પાર્ક કરેલા ટ્રક પાછળ કાર ઘૂસી જતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલકનું મૃત્યુ થયું હતું. આ અકસ્માત થયો ત્યારે બ્રિજ પરની સ્ટ્રીટ લાઈટો બંધ હતી. લાઈટો બંધ હોવાના કારણે ડ્રાઈવર પાર્ક કરેલો ટ્રક જોઈ શક્યો નહીં અને ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ચાલકનું મૃત્યુ થયું હતું. ત્યાર હવે બંધ લાઈટોના કારણે આ અકસ્માત સર્જાયો હોવાનાથી દ્રઉૅછૅ સામે કાર્યવાહી કરવામાં આવી છે. બંધ લાઈટોના કારણે ટ્રક દેખાયો નહીં અને કાર ટ્રકની પાછળ ઘૂસી ગઈ, જેમાં કાર ચાલકનું મોત થયું હતું અને ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. શ્રીચંદ શર્મા નામના વ્યક્તિનું અકસ્માતમાં મોત થયું હતું. જ્યારે આ ઘટના બની ત્યારે હાઈવે પર એક તો સ્ટ્રીટ લાઈટો નહોતી, બીજી તરફ ધુમ્મસ પણ હતી.

### કાયદામાં થયેલ સુધારા અંતર્ગત નિયમો નક્કી કરાયા

# ૩૦,૦૦૦થી વધુ હાઉસિંગ - હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ માટે ટ્રાન્સફર ફી નક્કી કરાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૩ ।

ગુજરાતમાં ૩૦,૦૦૦ થી વધુ હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ આવેલી છે ત્યારે આવી સોસાયટીઓનું સંચાલન સહકારી કાયદા અન્વયે થતું હોય છે. આવી સોસાયટીઓમાં જ્યારે પણ કોઈ વ્યક્તિ દ્વારા ઘરની ખરીદી કરવામાં આવતી હોય છે ત્યારે સોસાયટી દ્વારા તે વ્યકિત પાસેથી ટ્રાન્સફરથી વસૂલ કરવામાં આવતી હોય છે.

આવી ટ્રાન્સફર ફી બાબતે સહકારી કાયદા અને નિયમોમાં જોગવાઈ ન હોવાના અભાવે, સોસાયટીઓ દ્વારા મનમાની કરીને વ્યક્તિઓ પાસેથી મોટી ટ્રાન્સફરથી વસૂલ કરવામાં આવતી હોવાની ફરિયાદો રાજ્ય સરકારને મળતી હતી તેમ, સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું. સહકાર મંત્રી વિશ્વકર્માએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા આવી હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં થતી હેરાનગતિને અટકાવવા, ટ્રાન્સફર સંબંધિત જરૂરી કાયદા અને નિયમો બનાવવાનું નક્કી કરેલ હતું જેના અનુસંધાને વર્ષ ૨૦૨૪માં સહકારી કાયદામાં સુધારો કરવામાં આવ્યો હતો.

આજે રાજ્ય સરકાર દ્વારા સહકારી કાયદામાં થયેલ સુધારા અંતર્ગત નિયમો નક્કી કરવામાં આવ્યા છે અને તે અનુસાર હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં કોઈપણ ઘરની ખરીદ/ વેચાણ સમયે કુલ અવેજ રકમના ૦.૫ ટકા અથવા વધુમાં વધુ રૂપિયા ૧ લાખ કરતાં કોઈ વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરી શકશે નહી, તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ ટ્રાન્સફર ફી ની જોગવાઈ વધુમાં વધુ છે. જેથી હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ પોતાની મેળે તે રકમમાં ઘટાડો કરી અને તેઓના ઉપનિયમોમાં જોગવાઈ કરી શકે છે, પરંતુ કોઈ પણ સંજોગોમાં આ રકમથી વધુ રકમ તેઓ વસૂલ કરી શકશે નહીં તેમ, તેમણે જણાવ્યું હતું.

# સુરેન્દ્રનગર જિલ્લાના ૪૯ ગામોને સિંચાઈ માટે નર્મદાના પાણીનો લાભ મળશે

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૩ ।

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ, મુળી અને સાયલા વિસ્તાર આજથી ૨૫-૩૦ વર્ષ પહેલા સુકો ભઠ્ઠ હતો. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મા નર્મદાના વધારાના વહી જતા નીરને 'સૌની યોજના' થકી સૌરાષ્ટ્રને આપવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો. ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર 'જે બોલે છે તે કરે છે' તે મંત્રને ચરિતાર્થ કરતા સુરેન્દ્રનગરના વઢવાણ, મુળી તથા સાયલા તાલુકાના ૩૮ ગામોને સૌની યોજના થકી સિંચાઈનો લાભ આપવામાં આવશે, આ માટેની ટેન્ડરની પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ છે. આ સિવાય હળવદના ૧૧ ગામોને પણ આ યોજના હેઠળ પાણી આપવા માટે રૂ. ૪૧ કરોડના વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યા છે?, આમ કુલ ૪૯ ગામોને નર્મદાના પાણીનો લાભ મળશે તેમ?, આજે વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું.મંત્રી કુંવરજીભાઈએ વધુ વિગતો આપતા કહ્યું કે, આ સિવાય સૌની યોજના હેઠળ વઢવાણ, મૂળી અને ધ્રાંગધ્રા વિસ્તારમાં રૂ. ૨૯૩ કરોડના કામો મંજૂર કરીને તેના વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યા છે.

# સમસ્ત ગુજરાત બ્રહ્મભટ-બારોટ સમાજ ટ્રસ્ટની વિચાર-વિમર્શ બેઠક યોજાઈ

### અમદાવાદમાં બ્રહ્મભટ-બારોટ સમાજના શૈક્ષણિક ભવનના નિર્માણ માટે પરામર્શ થયો



। અમદાવાદ, તા.૩ ।

સમસ્ત ગુજરાત બ્રહ્મભટ-બારોટ સમાજ ટ્રસ્ટની વિચાર-વિમર્શ બેઠક અમદાવાદમાં શ્રી મહેશભાઈ બારોટ (ગોતા)ના નીવાસ સ્થાને યોજાઈ હતી. બ્રહ્મભટ-બારોટ સમાજના શ્રેષ્ઠીઓ, શિક્ષણવિદો, ઉદ્યોગપતિઓ અને સામાજિક આગેવાનો આ વિચાર-વિમર્શ બેઠકમાં સહભાગી થયા હતા. સમસ્ત ગુજરાત બ્રહ્મભટ-બારોટ સમાજના શૈક્ષણિક ભવનનું અમદાવાદમાં ભવ્ય નિર્માણ થવાનું છે તેના આગામી આયોજન અને પરામર્શ માટે આ બેઠક યોજાઈ હતી. ટ્રસ્ટના પ્રમુખ, પૂર્વ IPS, ડિરેક્ટર જનરલ પોલિસ, ઈન્ટેલિજન્સ ગુજરાત એવા શ્રી આર. બી. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, શૈક્ષણિક ભવનમાં ભણીને સમાજનો દિકરો-દિકરી ઉજ્જ્વળ કારકિર્દી ઘડીને સૌપ્રથમ રાષ્ટ્ર, રાજ્ય અને ત્યાર પછી સમાજના ભલા માટે કામ કરે, જનસેવા કરે તેવો આશય ટ્રસ્ટનો છે.

આર. બી. બ્રહ્મભટ્ટે ટ્રસ્ટના ગઠનની પૂર્વભૂમિકા સમજાવતા કહ્યું કે, સેવા, શિક્ષણ અને સંસ્કારના સંકલ્પ સાથે ગુજરાતના બ્રહ્મભટ્ટ -બારોટ સમાજના વિવિધ સંગઠનોને એક તાંતણે બાંધવાનો આ વિનમ્ર પ્રયાસ છે. મેનેજિંગ ટ્રસ્ટી શ્રી હર્ષદ બ્રહ્મભટ્ટે, શૈક્ષણિક ભવનના નિર્માણ માટે આર્થિક ભંડોળનું એકત્રીકરણ ડિજિટલી થાય તે માટે ઊઇ કોડના અનાવરણની જાહેરાત કરી હતી. તેમજ ટ્રસ્ટના માસિક મુખપત્ર બ્રહ્મભટ્ટ અસ્મિતાને ડિજિટલી પ્રકાશિત કરવાની પણ જાહેરાત કરી હતી.

ટ્રસ્ટના માસિક મુખપત્રના ડિજિટલ પ્રકાશન અવસરે પ્રથમ સ્મૃતિ વિશેષાંકનું પ્રકાશન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. સમાજના વિવિધ ટ્રસ્ટ અને, મંડળોમાં સમાજના અનેક શ્રેષ્ઠીઓ દાતાઓ અને આગેવાનોએ નોંધપાત્ર ફાળો આપ્યો છે. આવા મહાનુભાવો જે આજે હયાત નથી તેમને યાદ કરી તેમની સ્મૃતિ વંદના કરી ભાવાંજલી અર્પણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટ્રસ્ટી શ્રી મહેશભાઈ બારોટ (ગોતા)એ જણાવ્યું કે, સહુના યોગદાન, સહુની ભાગીદારીથી બ્રહ્મભટ્ટ - બારોટ સમાજના શૈક્ષણિક ભવનનું નિર્માણ કરવું છે, સમાજનો નાનામાં નાનો અને દિગ્ગજ વ્યક્તિ પણ આ ભવનને પોતીકુ માને એવી રીતિનિતી અપનાવી આ સામાજીક કાર્યને પાર પાડવું છે.

### સમૂહલગ્નના નામે છેતરવાનો ટ્રેન્ડ

# રાજકોટ બાદ હવે પેટલાદનો કિસ્સો, જમવાનું અને કરિયાવર ન આપ્યો

### એટલું જ નહીં આ કપલ્સ પાસેથી ૨૧ હજાર રુપિયા પણ લીધા હતા, જ્યારે વ્યવસ્થાના નામે કંઈ હતું નહીં

। (એજન્સી) પેટલાદ, તા.૩ ।

રાજકોટમાંથી તાજેતરમાં એક ઘટના સામે આવી હતી, જ્યાં સમૂહલગ્નના આયોજનના નામ પર આયોજકોએ વર અને કન્યાના સપના પર પાણી ફેરવી દીધા હતા. ત્યારે હવે આવો જ વધુ એક કિસ્સો આણંદના પેટલાદમાંથી સામે આવ્યો છે. જ્યાં સમૂહલગ્નના આયોજનમાં જમવાનું અને કરિયાવર ન મલતા હોબાળો થયો હતો. આખરે આ મામલે પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. એટલું જ નહીં આ કપલ્સ પાસેથી ૨૧ હજાર રુપિયા પણ લીધા હતા, જ્યારે વ્યવસ્થાના નામે કંઈ હતું નહીં.

વાત જાણે એમ છે કે, આણંદમાં જનમંગલ ચેટીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત જેએમ ગ્રુપ દ્વારા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં નગરપાલિકાના કોમ્યુનિટી હોલમાં ૭ કપલનો લગ્નોત્સવ યોજાયો હતો. પણ લગ્ન પ્રક્રિયા પુરી થતાં જમવાની વ્યવસ્થા ન મળતા હોબાળો થયો હતો. બાદમાં આ મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. હાલ પોલીસ આ કેસમાં તપાસ કરી રહી છે.

અહીં ઉલ્લેખનિય છે કે, થોડા દિવસ પહેલા આવો જ એક કિસ્સો રાજકોટમાંથી પણ સામે આવ્યો હતો. જ્યાં સમૂહ લગ્નનું આયોજન કરી આયોજકો ફરાર થઈ ગયા હતા. જેના કારણે ૨૮ કપલ રઝડી પડ્યા હતા. બાદમાં રાજકોટ પોલીસ અને અગ્રણીઓએ આગળ આવી આ કામ પાર પાડ્યું હતું. બાદમાં સરકારે આ મામલે તપાસ કરવાના આદેશ આપ્યા અને ગણતરીની કલાકોમાં આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

# અદાણી ગ્રીન એનર્જીએ તેની મૂડી સંચાલનની કૂનેહમાં મુખ્ય લક્ષ્ય હાંસલ કર્યું

### USD 1.06 બિલિયનના લાંબા ગાળાના ધિરાણ સાથે સૌ પ્રથમ બાંધકામ સુવિધા માટે પુનઃધિરાણ

। અમદાવાદ, તા.૩ ।

ભારતની સૌથી મોટી નવીનીકરણીય ઉર્જા કંપની અદાણી ગ્રીન એનર્જી લિ.(AGEL) એ તેની મૂડી વ્યવસ્થાપનની કૂનેહમાં બીજું સીમાચિહ્ન હાંસલ કર્યું હોવાની ગૌરવભેર જાહેરાત કરી છે.

રાજસ્થાનમાં ભારતના સૌથી મોટા સોલર-વિન્ડ હાઈબ્રિડ રિન્યુએબલ ક્લસ્ટરના વિકાસ માટે ૨૦૨૧ માં લેવામાં આવેલા USD 1.06 બિલિયનની બાકી સાથે કંપનીએ સૌ પ્રથમ તેની બાંધકામ સુવિધાને સફળતા પૂર્વક પુનઃધિરાણ કરી છે. તેની નિર્માણ સુવિધાને ફરીથી ધિરાણ કરવા માટે લાંબા ગાળાના ધિરાણમાં ૧૯ વર્ષની સમયાવધિ સાથે સંપૂર્ણ ઋણમુક્ત દેવાના માળખા અંતર્ગત અસ્ક્યામતોની આવરદાને કંપની અનુસરે છે. આ પ્રગતિ સાથે AGELએ તેના અસ્ક્યામતોના પોર્ટફોલિયો માટે પોતાના મૂડી વ્યવસ્થાપન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપ્પન કર્યો છે. આ આયોજન હેઠળ લાંબા ગાળાની સુવિધાઓ સુરક્ષિત કરવા સાથે પોર્ટફોલિયોના રોકડ પ્રવાહના જીવનચક્ર સાથે સંપૂર્ણ રીતે સંલગ્ન છે. આયોજનનું આ માળખું લાંબા ગાળા સાથે મસમોટી રકમ સુરક્ષિત કરીને મૂડીના વિવિધ સેતુની ઉંડાઈથી એકસેસ મારફત નોંધપાત્ર લાભ પૂરા પાડે છે. આ અભિગમ માત્ર નાણાકીય સ્થિરતામાં વધારો જ નહી પરંતુ તેના વિકાસ તરફના પ્રયાણને ચાલુ રાખવા સાથે તેના હિસ્સેદારોને ટકાઉ મૂલ્ય ઉપલબ્ધ કરાવવાની કંપનીની ક્ષમતાને પણ સુનિશ્ચિત કરે છે.

ઉલ્લેખનીય છે કે પુનઃધિરાણની આ સુવિધાને દેશની ત્રણ રેટિંગ એજન્સીઓ - ICRAએ, ઈંડીયા રેટિંગ્સ અને CareEdge Ratingsyu AA+ સ્થિર રેટિંગ મળ્યું છે.

